

સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વર્ષ-૭ • અંક-૩ • ૧ ઓક્ટોબર , ૨૦૨૧

એક વિચાર



## ૩૧મી ઓક્ટોબર

## સરદાર જન્મ જયંતીએ સરદાર સાહેબને વંદન



ભારતના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે (વિડિયો કોન્ફરન્સીગથી)
સરદારધામ ભવનનું લોકાર્પણ એવમ્ સરદારધામ ફેઝ-૨નું ભૂમિપૂજન


કાલુપુર બેંક
ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.
સ્થાપના :૧૯૭૦
મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક
સહકારથી સિધ્ધિ
MSME
ધિરાણ
7.75*%
₹ ૧ કરોડ સુધીના ધિરાણ માટે
(રેટીંગ આધારીત)
MSME
ધિરાણ
8.00*%
₹ ૧ કરોડથી વધુના ધિરાણ માટે
(રેટીંગ આધારીત)
વેપાર મિત્ર ધિરાણ યોજના
નાના અને મધ્યમ ટ્રેડીંગ કરતાં વેપારીઓ માટેનું ધિરાણ
• માસિક સ્ટોક અને બુક ડેબ્ટ સ્ટેટમેન્ટ આપવામાં રાહત.
• ઓવરડ્રાફ્ટ ધિરાણની સગવડ
• પ્રોપર્ટીના વેલ્યુશનના ૭૦% સુધીનું ધિરાણ
8.00*%
રૂા.૧ કરોડ સુધીનું ધિરાણ
@designcopper
7378309191 (MISSED CALL ) • 1800 233 99999 (TOLL FREE ) • www.kalupurbank.com
* શરતોને આધિન
* વ્યાજના દર વખતોવખતના ફેરફારને આધિન
હેડ ઓફિસ : ''કાલુપુર બેંક ભવન'', આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.
ફોન નં.: ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬
E-mail : info@kalupurbank.com
Network
59 Branches
62 ATMs

મિશન-૨૦૨૬ અંતર્ગત

# સરદારધામનાં 5 લક્ષ્ય બિંદુઓ

## બિલ્ડિંગ પ્રોજેક્ટ

(અંતર્ગત ૧૦૦૦ કરોડના ખર્ચે ૧૦૦૦૦ દીકરા-દીકરીઓ
માટે પરવડે તેવા સુવિધાયુક્ત છાત્રાલયનું (ઈન્સ્ટિટ્યૂટ) નિર્માણ કરવું)

## GPSC / UPSC
## Defence / Judiciary
## સિવિલ સર્વિસ કેન્દ્ર

(અંતર્ગત ૧૦૦૦૦ દીકરા-દીકરીઓને વહીવટી સેવામાં મોકલવા)

## ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (GPBS) ૨૦૧૮-૨૦-૨૨-૨૪-૨૬

## ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GPBO)

(પ્રથમ હરોળના ૧૦૦૦૦ ઉદ્યોગપતિઓનું સંગઠન)

## યુવા તેજ/તેજસ્વિની સંગઠન

(અંતર્ગત ૧૦૦૦૦૦ થી વધુ રાષ્ટ્રપ્રેમી યુવાઓનું સંગઠન)

## તંત્રીલેખ

# અગ્નિપથ

**મારા વ્હાલા બંધુ-ભગિનીઓ,**

સૌથી સરળ રસ્તો મુસાફરી માટે હાઈવે. સ્ટેટ હાઈવે એટલે રાજ્ય સરકારે સારા બનાવેલા રસ્તા સરળતાથી મુકામ પર પહોંચી જવાય. પરંતુ આ સિવાયનાં કોઈપણ રસ્તા ઉપર મુસાફરી કરવી ઓછી સરળ હોય છે આવી સ્થિતિ ગુજરાતમાં પાટીદાર સમાજ માટે શિક્ષણ ક્ષેત્રે છે. આઝાદીનાં થોડા વર્ષ પહેલાં અને આઝાદી પછી આપણા વડાવાઓએ ટાઢ, તાપની પરવા કર્યા સિવાય ગામડે ગામડે ફરી ફાળો ઉઘરાવી છાત્રાલયોની વ્યવસ્થા કરાવી. આ પુણ્યના જોરે કંઈ કેટલાયે પાટીદાર સમાજના દીકરા-દીકરીઓ તેમાં રહી અભ્યાસ કરીને આગળ આવ્યા.

એક બાબત તો છે જ કે આઝાદી પછીથી આપણા પાટીદાર સમાજનું ધ્યાન મોટા મોટા શહેરોમાં છાત્રાલયની સંખ્યા વધારવામાં ઓછું ગયેલ છે. આના કારણે હવે જ્યારે ગામડાનાં પાટીદાર સમાજના દીકરા-દીકરીઓની ભણવાની ભૂખ ઉઘડી છે ત્યારે સમાજ દરેક દીકરા-દીકરીને છાત્રાલયની અંદર રહેવાની વ્યવસ્થા કરી શક્યા નથી અને મોટા મોટા શહેરોમાં અને ખાસ કરીને અમદાવાદ શહેરમાં પાટીદાર સમાજના ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ પી.જી. અર્થાત્ ખાનગી રૂમો રાખીને રહે છે. આમાં એમને સામાજિક અને વ્યવહારિક મુશ્કેલીઓ પડે છે જે આપણે સાંભળીએ તો સમાજના સેવક કરીને તરીકે માથું શરમથી ઝૂકી જાય આ બધી પરિસ્થિતિને ધ્યાને રાખી સરદારધામે ૧૦૦૦૦ દીકરા-દીકરીઓ માટે પરવડે તેવા છાત્રાલયો ઊભા કરવાનું શરૂ કરેલ છે. તેના ભાગરૂપે અમદાવાદમાં સરદાર પટેલ રીંગ રોડ ઉપર વૈષ્ણોદેવી સર્કલ પાસે દીકરા-દીકરીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા અને ગ્રેજ્યુએટ થયેલા દીકરા-દીકરીઓ માટે વર્ગ-૩ થી આઈ.એ.એસ. સુધીની ટ્રેનિંગ મેળવી શકે તેવી સુવિધા ઊભી કરેલ છે. ચાલુ વર્ષથી જ પ્રથમ વખત એડમિશન આપવાનું સરદારધામ સંચાલિત છાત્રાલયમાં દીકરા-દીકરીઓ રહે તેવી તેમના મા-બાપ તીવ્ર ઈચ્છા ધરાવે છે. સમાજનાં દરેક ક્ષેત્રમાંથી એટલી બધી માંગણીઓ તથા દબાણ આવે છે કે અમારી ભલામણથી પ્રવેશ આપો. પરિસ્થિતિ સરળ થવાને બદલે વહીવટીકર્તાઓ માટે અગ્નિપથ ઉપર ચાલવા જેવી થયેલ છે એટલે શિક્ષણ માટે છાત્રાલયોનો રસ્તો નેશનલ કે સ્ટેટ હાઈવે જેવો નથી પણ લોકલ રસ્તા જેવો અર્થાત્ અગ્નિપથ જેવો આ રસ્તો છે એટલે સમાજને હવે દીકરા-દીકરીઓને પરવડે તેવા છાત્રાલયો ઊભા કરવાની હરણફાળ ભરવી પડશે અને તો જ આ અગ્નિપથથી આરામદાયક નેશનલ હાઈવે સ્ટેટ હાઈવે જેવી સરળતા ઉભી થઈ શકશે.

જય સરદાર... જય હિંદ...

આપનો કલ્યાણ મિત્ર,
**ગગજી સુતરિયા**


સમસ્ત પાટીદારની એકતાનું ધામ
**સરદારધામ**
વિશ્વ પાટીદાર સમાજ

**તંત્રી**
ગગજી સુતરિયા

**પરામર્શક સમિતિ**
**એચ. એસ. પટેલ** (IAS, Retd.)
સી.ઈ.ઓ., સરદારધામ

**ટી.જી. ઝાલાવાડિયા**
ઉપપ્રમુખ, સરદારધામ

**સહતંત્રી**
ડૉ. જાગૃતિ જે. પટેલ
ઉપપ્રમુખ,સરદારધામ,
કન્વીનર, દીકરી સ્વાવલંબન યોજના

**સંપાદક**
કૃષ્ણકાંત જે. પટેલ

જાહેર ખબર વિભાગ :
7575001428



**નોંધ**
આ માસિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે તેની સાથે તંત્રી કે સંસ્થા સહમત છે તેવું માનવું નહીં. સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન. ન્યાયતંત્ર અમદાવાદ



**મુખ્ય કાર્યાલય**
**સરદારધામ**
એસ. પી. રીંગ રોડ,
વૈષ્ણોદેવી સર્કલ,
અમદાવાદ-૩૮૨૪૨૧

ફોન : ૭૫૭૫૦૦૧૫૪૮/૯૬/૯૭, ૭૫૭૫૦૦૧૪૨૮/૩૮
ઇ-મેલ: info. sardardham@gmail.com
વેબસાઇટ : www.sardardham.org
ટ્રસ્ટ રજી. નં. ઈ/૨૦૯૨૪/અમદાવાદ

Printed, Published by **GAGJIBHAI G. Sutariya** on behalf of **SARDARDHAM** and **Published from** Near Royal Heights, S.P. Ring Road, Vaishnodevi Circle, Ahmedabad-382421
**Editor-GAGJIBHAI G. Sutariya**

# અનુક્રમણિકા


સરદારધામ શુભારંભ સમારોહ — ટીમ સરદારધામ — ૬

બારડોલી સત્યાગ્રહ : વલ્લભભાઈમાંથી સરદાર — શૈલેષભાઈ સગપરિયા — ૧૩

સરદારધામ સૂર્યા વરસાણી એકેડેમી સંચાલિત સરદારધામ ભુજ શુભારંભ કાર્યક્રમ — ટીમ સરદારધામ — ૧૮

ગ્લોબલ પાટીદાર બિઝનેસ શુભારંભ કાર્યક્રમ, સુરત તા. ૨૧-૯-૨૧ — ટીમ સરદારધામ — ૨૧

ઇઝરાયલની જીવનવ્યવસ્થા — સ્વામી સચ્ચિદાનંદ — ૨૬

લોકોપયોગી માર્ગદર્શન — એચ. એસ. પટેલ — ૩૦

ઉદ્યોગ સાહસિકતા તાલીમ કેન્દ્ર શુભારંભ — ટીમ સરદારધામ — ૩૩

કોને કહું!!?? — વૃંદા મનજીત — ૩૫

ગાંધીજી — ગાંધીજી — ૪૩



## ટીમ સરદારધામ

**અમદાવાદ ઝોન**
નટુભાઈ એમ. પટેલ - ઉપપ્રમુખ
જશવંતભાઈ એ. પટેલ - ઉપપ્રમુખ
CA વી. વી. પટેલ - ઉપપ્રમુખ
રવજીભાઈ પી. વસાણી - ઉપપ્રમુખ
રમેશભાઈ બી. મેશિયા - ઉપપ્રમુખ
નાગજીભાઈ એન. શિંગાળા - ઉપપ્રમુખ
પ્રો.ડો. જાગૃતિબેન જે. પટેલ - ઉપપ્રમુખ
CA બી. કે. પટેલ - માનદ્મંત્રી
જગદીશભાઈ વી. ભુવા - ચીફ ફાઈનાન્સ સેક્રેટરી
ટી. જી. ઝાલાવાડિયા - માનદ્મંત્રી, ચેરમેન સિવિલ સર્વિસ કેન્દ્ર
કાંતિભાઈ એલ. ગઢિયા - એડવાઈઝર
દિલીપભાઈ એમ. પટેલ (નેતાજી) - એડવાઈઝર
ગોવિંદભાઈ જી. વરમોરા - એડવાઈઝર
કાંતિભાઈ એન. પટેલ (રામ) - એડવાઈઝર
પ્રસન્નભાઈ એન. પોલરા - ફાઈનાન્સ સેક્રેટરી
કે. આઈ. પટેલ - મંત્રી
અબજીભાઈ કે. ધોળુ - મંત્રી
સંજયભાઈ કે. સાવલિયા - મંત્રી
ભરતભાઈ એચ. રાદડિયા - મંત્રી
કરસનભાઈ જી. પટેલ - મંત્રી
મંગળદાસ જે. પટેલ - મંત્રી
મહેન્દ્રભાઈ જે. વાડદોરિયા - મંત્રી

**અમદાવાદ ઝોન**
પ્રકાશભાઈ પી. વરમોરા - મંત્રી
મનોજભાઈ ટી. ડોબરિયા - મંત્રી
એફ. સી. પટેલ - મંત્રી
રામભાઈ એમ. શેલડિયા-પ્રોજેક્ટ ચેરમેન - ફેઝ-૨

**મધ્ય ગુજરાત ઝોન**
પારૂલભાઈ એલ. કાકડિયા - ઉપપ્રમુખ
રમેશભાઈ એ. પટેલ - ફાઈનાન્સ સેક્રેટરી
દુષ્યંતભાઈ આર. પટેલ - એડવાઈઝર
ઘનશ્યામભાઈ સી. બોરડ - મંત્રી
વિપુલભાઈ વી. ગજેરા - મંત્રી
ઘનશ્યામભાઈ જે. પટેલ - મંત્રી
હસમુખભાઈ વી. કોઠિયા - મંત્રી
કાંતિભાઈ વી. ભુવા - મંત્રી

**દક્ષિણ ગુજરાત ઝોન**
દિયાળભાઈ કે. વાઘાણી - ઉપપ્રમુખ
મનહરભાઈ જે. સાચપરા - ઉપપ્રમુખ
કેશુભાઈ એચ. ગોટી - એડવાઈઝર
રામજીભાઈ એસ. ઈટાળિયા - એડવાઈઝર
હરેશભાઈ ડી. પરવાડિયા - મંત્રી
રવજીભાઈ પી. મોણપરા - પ્રોજેક્ટ ચેરમેન
જસમતભાઈ એન. વિડીયા - પ્રોજેક્ટ વાઈસ ચેરમેન

**દક્ષિણ ગુજરાત ઝોન**
સુરેશભાઈ એ. પટેલ - પ્રોજેક્ટ વાઈસ ચેરમેન
ધીરૂભાઈ વી. માલવિયા - પ્રોજેક્ટ ઈન્ચાર્જ

**સૌરાષ્ટ્ર ઝોન**
પરેશભાઈ એમ. ગજેરા - ઉપપ્રમુખ
વલ્લભભાઈ એમ. સતાણી- ફાઈનાન્સ સેક્રેટરી
નાથાભાઈ એમ. કાલરિયા - એડવાઈઝર
જગજીવનભાઈ આર. સખીયા - એડવાઈઝર
મહેન્દ્રભાઈ વી. ગજેરા - મંત્રી
મહેન્દ્રભાઈ ફળદુ - મંત્રી

**મુંબઈ ઝોન**
કાનજીભાઈ કે. પટણી - એડવાઈઝર
કાંતિભાઈ એમ. ભાવાણી - મંત્રી

**સી.ઈ.ઓ.**
એચ. એસ. પટેલ, IAS (Retd.)

**સિવિલ સર્વિસ કેન્દ્ર**
સી. એલ. મીના, IAS (Retd.) ડાયરેક્ટર

**કન્વીનર - યુથ GPBO**
ભાવિનભાઈ આર. પટેલ

**પ્રમુખ સેવક**
ગગજી સુતરિયા

- ટીમ સરદારધામ

# સરદારધામ શુભારંભ સમારોહ

સમસ્ત પાટીદારની એકતાનું ધામ સરદારધામ પાટીદાર યુવા શક્તિના સર્વાંગી વિકાસ કાજે સંકલ્પબધ્ધ અને કટિબધ્ધ છે. મિશન ૨૦૨૬ અંતર્ગત સરદારધામ તેના મોટા લક્ષ્યબિંદુઓ અંતગર્ત કામગીરી કરે છે.તેમાંનું પ્રથમ લક્ષ્ય સમસ્ત પાટીદાર સમાજના ૧૦૦૦૦ દીકરા દીકરીઓને પરવડે તેવા છાત્રાલયોનું ગુજરાતના અલગ અલગ ઝોનમાં નિર્માણ કરવું અને તેના ભાગ રૂપે અમદાવાદ ખાતે વૈષ્ણોદેવી સર્કલ સરદાર પટેલ રીંગ રોડ ઉપર ૨૦૦ કરોડના ખર્ચે ૧૬૦૦ દીકરા દીકરીઓને રેહવા, જમવા, તાલીમ તથા માર્ગદર્શન આપી શકાય તેવા ભવનનું નિર્માણ થઇ ચૂક્યું છે જેનું લોકાર્પણ તેમજ બીજું ૨૫૦૦ દીકરીઓને રહેવા, જમવા, તાલીમ તથા માર્ગદર્શનની સુવિધા પૂરી પાડી શકાય તેવા ૨૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર સરદારધામ ફેઝ – ૨ કન્યા છાત્રાલયના ભૂમિપૂજનનો સમારોહ તા. ૧૧/૦૪/૨૧ ના રોજ યોજાયો. આ બંને સમારોહ ભવનનું લોકાર્પણ તેમજ કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન યશસ્વી, તેજસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે વર્ચ્યુઅલ સંપન થયું. ગુજરાત આ કાર્યક્રમમાં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી, તત્કાલિન નાયબ મુખ્યમંત્રી માનનીય શ્રી નીતિનભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડલિયા, શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, શ્રીમતી અનુપ્રિયા પાટીદાર, વિપક્ષ નેતા શ્રી પરેશભાઇ ધાનાણી, તત્કાલિન મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, તત્કાલિન મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયા, શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, સંસદ નરહરી અમીન, સુરેન્દ્રકાકા, મ.ગુ. સંકુલ દાતાશ્રીઓ, અમદાવાદ સરદારધામ ભવન દાતાશ્રી, મ.ગુ. વડોદરા સરદારધામના ભૂમિદાતાશ્રીઓ,






અન્ય રાજસ્વી મહાનુભવો, સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સરદારધામના પ્રોગ્રામમાં સતત પ્રેરણા આપતા સરદાર સાહેબની પ્રતિમાના ચરણોમાં પુષ્પાંજલિ કરીને તમામ રાજસ્વી મહાનુભવો તેમજ સામાજિક અગ્રણીઓ ધર્મનંદન હૉલમાં કાર્યક્ર્મમાં ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રગાન તથા દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્ર્મનો મંગલ પ્રારંભ થયો. ઉપસ્થિત સૌ મહાનુભવો તેમજ આમંત્રિતોનું સામૂહિક સ્વાગત કરવામાં આવ્યું. સરદારધામના ઉપપ્રમુખ ડૉ. જાગૃતિબેન પટેલ પોતાના સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા.

મ.ગુ. વડોદરાના સંકુલના નામકરણ દાતાશ્રી દુષ્યંતભાઇ આર. પટેલ, ભવન ઉદ્ઘાટકશ્રી અરજણભાઇ ધોળકિયા, દિનેશભાઇ નારોલા(SRK ગ્રૂપ), સુરત, હિંમતભાઇ ધોળકિયા, તુલસીભાઇ ધોળકિયા, ઘનશ્યામભાઇ ધોળકિયા(હરિકૃષ્ણા ગ્રૂપ) સુરત, વિશ્રામભાઇ જે. પટેલ(વરસાણી) સરદારધામ ભુજનાં સંકુલદાતાશ્રી, સરદારધામ ભવનદાતાશ્રી તેમજ ઉપપ્રમુખ CA શ્રી વી.વી. પટેલ, નવી મુંબઇના ભૂમિદાતા શ્રી કાનજીભાઇ પટણી પરિવારોનું તત્કાલિન મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, તત્કાલિન નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, કેન્દ્રીય મંત્રીઓ મનસુખભાઇ માંડવિયા, શ્રી પરસોત્તમભાઇ રૂપાલા, શ્રીમતી અનુપ્રિયા પાટીદારના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું.



સરદારધામના પ્રમુખ સેવકશ્રી ગગજીભાઇ સુતરિયાએ પોતાના પ્રાસંગિક પ્રવચનની શરૂઆત શાયરીથી કરીને સૌના દિલ જીતી લીધા. તેમણે પોતાના પ્રવચનમાં જણાવ્યું કે મિશન ૨૦૨૬ અંતર્ગત યુવા શક્તિના સર્વાંગી વિકાસ માટે, સરદારસાહેબના સપનાં સાકાર કરવા માટે, સમાજ નિર્માણથી રાષ્ટ્રનિર્માણ કરવાના સંકલ્પ સાથે સરદારધામનો ૨૦૧૨ માં જન્મ થયો અને તેનો જે સંકલ્પ લીધેલો તે આજે પૂર્ણ થયો છે. કાર્યક્રમમાં તમામ રાજસ્વી મહાનુભાવો તેમજ સામાજિક અગ્રણીઓ તેમજ દાતાશ્રીઓનું શાબ્દિક સ્વાગત કર્યુ તેમજ સરદારધામની રચના તેમજ તેમાં થનાર પ્રવૃત્તિઓ વિશે ઉપસ્થિત સૌને માહિતગાર કર્યા. ગુજરાત સરકારે સરદારધામની કામગીરીમાં જે સહકાર આપ્યો તે માટે સરકારની કામગીરીને બિરદાવી સરદારધામ દ્વારા હાલના તબક્કે થઈ રહેલ મિશન -૨૦૨૬ અંતર્ગત પાંચ લક્ષ્યબિંદુઓને કેન્દ્રસ્થાને રાખીને જે કામગીરી થઇ રહી છે તે વિશે સૌને માહિતગાર કર્યા. તેમણે જણાવ્યું કે સરદારધામના તમામ કામની શરૂઆતમાં તેનું લક્ષ્ય નક્કી કરીને તે કામનો પ્રારંભ કરીને પૂર્ણ કરવામાં આવે છે. શરૂઆતથી આજદિન સુધીમાં જે ટ્રસ્ટીઓએ દાનની સરવાણી વહેવડાવી સહકાર આપ્યો છે તેઓનો આભાર માન્યો. દીકરી સ્વાવલંબન યોજના અંતર્ગત દીકરીઓને ૧ રૂ.ના ટોકન દરે દીકરીઓને રહેવા-જમવા તાલીમ તેમજ માર્ગદર્શનની સુવિધા પૂરી પાડવામાં આવે છે. તેમજ સમસ્ત

પાટીદાર સમાજના દીકરાઓને ૨૦ હજાર, ૧૦ હજાર તેમજ જરૂરિયાતમંદ પરિવારના તેજસ્વી દીકરાઓને પણ ૧ રૂ. ટોકન દરે તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. સમાજની યુવાશક્તિની, તકદીર, તસવીર, તાસીર બદલવા માટે આપણે સૌએ અંધશ્રદ્ધાથી દૂર રહીને સમાજની યુવાશક્તિમાં રોકાણ કરવું જોઇએ.



કેન્દ્રીય મંત્રી શ્રી પરસોત્તમભાઇ રૂપાલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે ૨૦૦-૨૦૦ કરોડના બે પ્રોજેક્ટ જે પાટીદાર સમાજ એક સાથે કરતો હોય તેવા સમાજના મોભીઓને ખૂબ ખૂબ અભિનંદન. સમાજ નિર્માણથી રાષ્ટ્રનિર્માણનું સ્વપ્ન આપણા આદરણીય વડાપ્રધાનશ્રી સાકાર કરવા જે પ્રયત્નો કરે છે, તેમાં સરદારધામે એક પુષ્પપાંદડી મૂકી છે તે બદલ તેને ખૂબ ખૂબ અભિનંદન.



કેન્દ્રીયમંત્રી શ્રી મનસુખભાઇ માંડવિયાએ જણાવ્યું કે પાટીદાર સમાજનો સ્વભાવ છે કે સંકલ્પ કરનારાઓનું સિધ્ધિ તરફ આગળ વધવું અને સરદારસાહેબે પણ સંકલ્પ કરી ભારતના ૫૬૨ રજવાડાને જોડ્યા. અને તે જ રીતે આ સરદારધામનું નિર્માણ થયું છે અને આજે લોકાર્પણ થઈ રહ્યું છે. સરદારધામનાં દાતા શ્રી લવજીભાઇ બાદશાહે જે બોન્ડ સમાજને અર્પણ કર્યા તે બદલ તેમને અભિનંદન આપ્યા તથા તમામ પ્રવૃતિઓને બિરદાવી.



રાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોતાના પ્રવચનમાં તા.૧૧-૯-૨૧ નું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું કે આજની તારીખે સ્વામી વિવેકાનંદે અમેરિકાના શિકાગો ખાતે વિશ્વ ધર્મ પરિષદમાં પ્રવચન આપી હિંદી સંસ્કૃતિની મહત્તાનો વિશ્વમાં પરિચય કરાવ્યો હતો તેમજ આ દિવસને આપણે દિગ્વિજય દિવસ પણ તરીકે ઓળખીએ છીએ. સરદારધામ દ્વારા જે પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે તેને બિરદાવી સમાજનો આભાર માન્યો હતો તથા અન્ય સામાજિક સંસ્થાઓ પણ સરદારધામમાંથી પ્રેરણા લઈ આ પ્રકારની પ્રવૃતિઓ કરશે એમ જણાવ્યું.

કેન્દ્રીયમંત્રી શ્રીમતી અનુપ્રિયા પાટીદારે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ઉપસ્થિત તમામ રાજસ્વી તેમજ સામાજિક મહાનુભાવોને આવકારી સરદારધામની પ્રવૃતિઓને બિરદાવી.

ઑનલાઇન દિલ્હીથી ઉપસ્થિત યશસ્વી તેજસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીનું ઉપસ્થિત તમામ મહાનુભવોએ પોતાના સ્થાન ઉપર ઊભા થઇને તેમનું સ્વાગત કર્યું. તેમની અનુમતિથી કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાનાં પ્રમુખ સેવક ગગજીભાઇ સુતરિઆએ સૌને આવકારી પોતાને સામાજિક કાર્ય કરવાની પ્રેરણા જ્યાંથી મળી તે પ્રસંગને યાદ કરતા જે પ્રકારની કામગીરી કરવાની પ્રેરણા મળી તે જણાવી સરદારધામનાં પાંચ લક્ષ્યબિંદુઓ વિશે માહિતી આપી. તેમજ માનનીય શ્રી નરેન્દ્રભાઇ પાસેથી પ્રેરણા લઈને શરૂ કરેલી GPBS સમિટ વિશે માહિતી આપી સમાજ માટે ઉપયોગી થવાની કામગીરી વિશે સૌને માહિતગાર કર્યા. સરકાર દ્વારા સરદારધામના કામગીરીને જે રીતે સહકાર મળી રહ્યો છે તે માટે ગુજરાત સરકારનો પણ આભાર માન્યો.

પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં તત્કાલિન નાયબ મુખ્યમંત્રી શ્રી

નીતિનભાઇ પટેલે વડાપ્રધાનશ્રી તેમજ ઉપસ્થિત તમામ રાજસ્વી મહાનુભાવો, સામાજિક મહાનુભાવો તથા દાતાશ્રીઓને આવકારી જણાવ્યું કે સૌના સાથ થકી આ સંસ્થાનું નિર્માણ થયું છે તથા ૨૦૦ કરોડના કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન થનાર છે. સંસ્થાના ટ્રસ્ટીઓ, દાતાઓએ કામગીરી કરી પરિણામ આપી સમાજનો વિશ્વાસ સંપાદન કર્યો છે.



મને આનંદ છે કે પાટીદાર સમાજ જ્યારે કોઈ કામ હાથમાં લે છે ત્યારે તે કયારેય સંકુચિત નથી રહેતો અને તેનો સૌને લાભ મળે છે. કન્યા કેળવણીનું કામ સરદારધામ કરી રહ્યું છે તેનો મને આનંદ છે. અને જ્યારે કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન નરેન્દ્રભાઈના વરદ્ હસ્તે છે થઈ રહ્યું છે ત્યારે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈનું સપનું સરદારધામના માધ્યમથી સાકાર થશે. તે માટે સમાજના સંસ્થાના દાતાઓને અભિનંદન આપી આભારની લાગણી વ્યક્ત કરી હતી અને આમાંથી પ્રેરણા લઈને દરેક સમાજે કરવું જોઈએ એમ જણાવી આભાર માની વક્તવ્ય પૂર્ણ કર્યું.



ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પોતાના પ્રસંગોચિત્ત ઉદ્બોધનમાં માનનીય વડાપ્રધાનશ્રી તેમજ કેન્દ્રીયમંત્રીઓ, રાજયના મંત્રીઓ સૌ રાજસ્વી મહાનુભાવો, સરદારધામના પ્રમુખ સેવક તથા તમામ દાતાશ્રીઓ, ટ્રસ્ટીઓને આવકારી ગુજરાતના વિકાસમાં જેણે ખૂબ મોટું યોગદાન આપ્યું છે તેવા એન્જિન સમા પાણીદાર પાટીદાર સમાજને બિરદાવ્યો તેમજ આ સમાજના ભવનનિર્માણનાં લોકાર્પણમાં પોતાને આમંત્રણ આપવા બદલ આભાર માન્યો. તેમણે જણાવ્યું કે સરદાર સાહેબના નામ સાથે આ સંસ્થા જોડાયેલી છે અને સરદારસાહેબે આખા ભારતને જોડીને એક કર્યુ છે ત્યારે સરદારધામ પણ સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણની કામગીરી કરી સરદાર સાહેબના ચીધેલા માર્ગે કામ કરી એક કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. સાથે સરદાર સાહેબની કામગીરીને



યાદ કરી તેમની પ્રતિભાને અનુરૂપ કેવડિયા કોલોની ખાતે પ્રતિમા સ્થાપિત કરી તેમને સાચી શ્રદ્ધાંજલિ આપી તે રીતે સરદારધામે પણ સરદાર સાહેબની ૫૦ ફૂટ ઊંચી પ્રતિમાની સરદારધામ ખાતે સ્થાપના કરી છે. કન્યા કેળવણીમાં પ્રાધાન્ય આપવાથી વિકાસ સોળે કળાએ ખીલી ઊઠશે. યુવા પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે દેશને આત્મનિર્ભર બનાવવા તેમજ દેશનું પુનઃનિર્માણ કરવા માટે સૌને સરદારધામનું નિર્માણ ઉપયોગી થશે અને ગુજરાત તેમાં અગ્રેસર રહેશે. આ પ્રકારની કામગીરી માટે ગુજરાત સરકાર સૌને મદદ કરતી આવી છે. સરદારધામનાં કન્યા છાત્રાલયની ૩૦ ટકા કપાત ઓછી કરવાની જાહેરાત કરી તેમજ નિકોલની જમીન ૫૦ ટકા ભાવે આપવા જાહેરાત કરી પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું.



સરદારધામ ભવન લોકાર્પણ તેમજ સરદારધામ ફેઝ-૨ કન્યા છાત્રાલયના ભૂમિપૂજન જેના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું એવા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તમામ રાજસ્વી મહાનુભાવો તથા સરદારધામના તમામ દાતાશ્રીઓ, સ્થાપક ટ્રસ્ટીઓ તથા ટ્રસ્ટીઓશ્રીઓને આવકારી ગુજરાતી ભાષામાં સૌના ખબરઅંતર પૂછી આ પવિત્ર કાર્યમાં સહયોગ આપનાર તમામ ભાઈઓ તથા બહેનોને અભિનંદન આપ્યા. સરદારધામના શ્રી ગણેશ પણ ગણેશોત્સવના પવિત્ર તહેવાર ઉપર જ થઈ રહ્યા છે ત્યારે સૌને ગણેશચતુર્થીના તહેવારની શુભકામનાઓ તેમજ આજે ઋષિપંચમી પણ છે અને આ દેશમાં ઋષિઓનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે તેમ જણાવ્યું તથા સૌને 'મિચ્છામિ દુક્કડમ' પાઠવ્યાં. લોહપુરુષ તેમજ બધા માટે પ્રેરણાસ્રોત સરદાર સાહેબના ચરણોમાં પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી સરદારધામના નિર્માણ માટે જેમણે પોતાનું અલગ-અલગ સ્વરૂપે યોગદાન આપ્યું છે તે તમામને અભિનંદન આપ્યા. તેમજ સૌના સમર્પણ સેવા સંકલ્પને બિરદાવી સરદારધામ લોકાર્પણની સાથે ફેઝ-૨ નું ભૂમિપૂજન પણ થઇ રહ્યું છે જે નવી પેઢીને સશક્ત બનાવશે. તેમજ આ પ્રકારના એન્ટરપ્રિન્યોર ડેવલોપમેન્ટ સેન્ટરનાં માધ્યમથી






ગુજરાતની વેપારી પ્રજા વધારે મજબૂત બનશે. સિવિલ સર્વિસ સેન્ટરનાં માધ્યમથી જે યુવાનો સિવિલ સર્વિસ, ડિફેન્સ કે જ્યુડિસિયલમાં જવા માંગે છે તેમને યોગ્ય માર્ગદર્શન મળશે. પાટીદાર સમાજના યુવાનોની સાથે સાથે ગરીબો અને મહિલાઓના સશક્તિકરણ ઉપર આપ જે ધ્યાન આપો છો તે પ્રશંસનીય છે. હૉસ્ટેલની સુવિધા પણ ઘણી દીકરીઓને આગળ વધવામાં મદદરૂપ થશે. સરદારધામ આવનારા દિવસોમાં યુવાનોને જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડશે. આજે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવીએ છીએ. અત્યારના યુવાનો દેશની આઝાદીની શતાબ્દી ઉજવવામાં આવશે ત્યારે નિર્ણાયક ભૂમિકામાં હશો. અત્યારે જે સંકલ્પ કરશો તે આવી પવિત્ર ધરતી ઉપર સાકાર થશે. આજે સરદારધામનું લોકાર્પણ થઈ રહ્યું છે તેનો ખૂબ જ મોટો સંદેશ છે. ૧૧ સપ્ટેમ્બરની તારીખે ભૂતકાળમાં થયેલ નરસંહારની યાદ તાજી કરાવી જણાવ્યું કે આ દિવસે આપણને ખૂબ શીખવ્યું છે. તેમજ આ તારીખે સ્વામી વિવેકાનંદે શિકાગોમાં વિશ્વ ધર્મ પરિષદમાં વિશ્વને માનવીય મૂલ્યો શીખવ્યા હતા, તે આજે દુનિયા અનુભવી રહી છે. સ્વાંતંત્ર્યસેનાની સુબ્રમણ્યમ ભારતીની પુણ્યતિથિ છે. તેમના જીવનમાંથી પ્રેરણાદાયી વાતોને યાદ કરી હતી. તેમણે સ્વામી વિવેકાનંદ પાસેથી પ્રેરણા મેળવી હતી. આપણે જ્યાંથી જેટલું મેળવીએ તેમાંથી અનેકગણું વધારે પરત કરવું જોઈએ. આપણે જે કાંઈ મેળવ્યું છે તે આ ધરતી પાસેથી મેળવ્યું છે. આપણે જે કાંઈ પ્રગતિ કરી છે તે આ સમાજને કારણે કરી છે. એટલે જે કાંઈ મળ્યું તે માત્ર આપણું જ નહીં સમાજનું તથા રાષ્ટ્રનું છે તેને પરત કરવાથી આગળની પેઢીને અનેકગણું મળે છે આ એક એનર્જી સાઈકલ છે આજે તમે આ ઊર્જાચક્ર ગતિ આપો છો.



ગુજરાત આ પ્રકારના પ્રયાસોની ધરતી છે. આઝાદીની લડાઈમાં ગાંધીજીએ અહીંથી દાંડીયાત્રા શરૂ કરી હતી. તે દેશની એકતા માટે પ્રતીક

છે. સરદાર સાહેબના સત્યાગ્રહની યાદ અપાવી સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા દેશના તમામ ખેડૂતોએ મોકલેલ લોખંડથી બની છે. તે આખી દેશની એકતાનું પ્રતીક છે. સંકલ્પથી સફળતાની રૂપરેખા ગુજરાતે ભેટમાં આપી છે. આજે દેશને તેના લાભ મળે છે. સરદારધામે આવતા પાંચ – દશ વર્ષ માટે પોતાના લક્ષ્યબિંદુઓ નક્કી કર્યા છે. તે લક્ષ્યબિંદુઓની સરકાર પણ લક્ષ્ય સાથે આગળ વધે છે. અને વિકાસ માટે સહકારનું મહત્ત્વ સમજાવ્યું હતું. દેશના પાછળ રહેલા વર્ગના વિકાસ માટે શું કરવું જોઇએ. તે સૌને સમજાવ્યું હતું. જેની પાસે જે કાંઇ કૌશલ્ય છે તેમને પોતાની પ્રગતિ માટે ચિંતા કરવી પડતી નથી તેઓ પોતાનો રસ્તા જાતે જ શોધી લે છે. સરકારની નવી શિક્ષણ નીતિનું મહત્ત્વ જણાવ્યું હતું. આત્મનિર્ભર બનવા માટે તેની જરૂરિયાત વિશે જણાવ્યું હતું. તે માટે ગુજરાત સરકારને અભિનંદન આપ્યા હતા. સ્કિલ ડેવલપમેન્ટ, સ્ટાર્ટ અપ ઈનડિયાથી યુવાનોને થતા લાભો વિશે જણાવ્યું. સરદારધામ દ્વારા જે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ પાટીદાર માટે તેની ઉપયોગિતા તથા પાટીદારોની વેપાર કરવાની આવડત વિશે વાત કરી. ગુજરાતીઓ વિશ્વમાં જયાં પણ જાય છે ત્યાં ભારતની રાષ્ટ્રીયતા તેના માટે સર્વોપરી રહે છે. આપે દેશની આર્થિક પ્રગતિમાં જે યોગદાન આપ્યું છે તે ઉપયોગી અને પ્રેરણાદાયી છે. કોરોના કાળ પછી ભારતના આર્થિક વિકાસને તેમણે બિરદાવ્યો હતો. ટેક્સટાઇલ સેક્ટરને થનારા લાભો જણાવી ભારત પાસે ખૂબ મોટી તકો રહેલી છે આપણે આપણી જાતને ગ્લોબલના રૂપમાં જોઇને સર્વશ્રેષ્ઠ બનવાનું અને સર્વશ્રેષ્ઠ કામ કરવા જણાવ્યું મને સંપૂર્ણ વિશ્વાસ છે કે દેશની પ્રગતિમાં ગુજરાતનું જે યોગદાન રહેલું છે. તેમાં આપણે હજુ વધારે સશક્ત થઈને ઊભરી આવશું. આપણે માત્ર સમાજને જ નહીં પરંતુ સમગ્ર દેશને વિકાસની નવી ઊંચાઇ ઉપર લઈ જઇશું. આ પ્રકારની શુભ કામનાઓ સાથે સૌની વચ્ચેથી ' આવજો' કરીને પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું.

સરદારધામના ઉપપ્રમુખ તેમજ સિવિલ સર્વિસ કેન્દ્રના નામકરણના દાતાશ્રી જશવંતભાઇ પટેલે વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી, રાજસ્વી મહાનુભવો, દાતાશ્રીઓ, સ્થાપક ટ્રસ્ટીઓ, ટ્રસ્ટીઓ, સામાજિક સંસ્થાના આગેવાનો, આમંત્રિતો વગેરેનો સંસ્થા વતી આભાર માન્યો.

સરદારધામ ભવન ઉદ્‌ઘાટક પરિવાર SRK ગૂપ્ર, સરદારધામ ફેઝ-૨ કન્યા છાત્રાલયના ભૂમિપૂજન પરિવાર (હરે કૃષ્ણા એક્ષ્પોર્ટ લી.) પરિવાર, સરદારધામ મધ્ય ગુજરાતના સંકુલ નામકરણ દાતા શ્રી દુષ્યંતભાઇ આર. પટેલ, સરદારધામના ભુજના સંકુલ દાતા શ્રી વિશ્રામભાઇ જે. વરસાણી દ્વારા આપેલા યોગદાન બદલ દરેકની તક્તીઓનું માનનીયશ્રી વિજયભાઇ રૂપાણી, શ્રી નીતિનભાઇ પટેલ, શ્રી મનસુખભાઇ માંડવિયા, શ્રી પરષોત્તમભાઇ રૂપાલા, સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં તેનું અનાવરણ કર્યા બાદ શાંતિ કન્સ્ટ્રકશનની કંપની, પી.એસ.પી. પ્રોજેક્ટ લી., એમ.બી. ભાલાળા, પ્રોજેક્ટ કમિટી ચેરમેન જેમણે સરદારધામ પ્રોજેક્ટમાં કામગીરી બજાવી છે તેમનું સન્માન કરવામાં આવ્યું. આજ સમયે સરદારધામનું રાજસ્વી મહાનુભવોની ઉપસ્થિતિમાં અભિવાદન કરવામાં આવ્યું. પાટીદાર સમાજની સહયોગી સંસ્થાઓના પ્રમુખશ્રી તથા મંત્રીઓનું શાબ્દિક રીતે સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રીઓ, પદ્મશ્રી મથુરભાઈ સવાણી સૌએ હદયપૂર્વક ઉપસ્થિત સૌને શુભેચ્છાઓ પાઠવી.

બપોર બાદ સન્માન કાર્યક્રમમાં સરદારધામ ભવનના નિર્માણમાં જે-જે એજન્સીઓએ અલગ-અલગ સ્વરૂપે કામગીરી કરી છે. વિદ્યાર્થીઓ, GPBO યુથ ટીમ, યુવા તેજ-તેજસ્વિની ટીમ, સરદારધામનો કર્મયોગી સ્ટાફ સૌએ આ કાર્યકર્મની સફળતા માટે કરેલી કામગીરી તેમજ બજાવેલી ફરજોને પ્રમુખ સેવકે બિરદાવી સૌનો હદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

શૈલેષભાઈ સગપરિયા
ડેપ્યુટી ડાયરેક્ટર, સ્પીપા,
રાજકોટ



# બારડોલી સત્યાગ્રહ વલ્લભભાઈમાંથી સરદાર

બારડોલીના સત્યાગ્રહે આ દેશને સરદાર સાહેબની ભેટ આપી. સરદાર સાહેબે ગામડાંના અભણ લોકોમાં કેવી ચેતના જગાવી હતી અને એના પરિણામે વલ્લભભાઈ સરદાર બનીને રાષ્ટ્રીય ફલક પર કેવી રીતે ઉભરી આવ્યા એના કેટલાક અજાણ્યા પ્રસંગો સરદાર જયંતીનાં પાવન પ્રસંગે જાણીએ અને એમના જીવનમાંથી અન્યાય સામે લડવાની પ્રેરણા પ્રાપ્ત કરીએ.

**૧. આવા માન-પાન તમારા નસીબમાં ક્યાંથી ?**

બારડોલીના સત્યાગ્રહ વખતે સરકારની લોકો પરની યાતના દિવસે દિવસે વધતી જતી હતી પણ સરદારની વાણી અંગ્રેજ સરકારે આપેલા ઘા પર મલમનું કામ કરતી હતી. લોકોના કીમતી ઢોરઢાંખરની જપ્તી અને જમીન ખાલસા કરવા છતાં પણ કોઈ ખેડૂતનો જુસ્સો કે જોમ જરા પણ નબળું પડ્યું નહોતું.

અંગ્રેજ સરકાર ખેડૂતોના મનોબળને તોડવા માટે ઘાંઘી થઈ હતી એટલે અધિકારીઓના ધાડા બારડોલી વિસ્તારમાં ગામડે ગામડે ઉતાર્યા હતા. બારડોલીના લોકોને બીવડાવવા માટે સરકારે ઘોડેસવારો અને સશસ્ત્ર



પોલીસોના ઘાડા ઉતાર્યા હતા. ખુદ કલેક્ટર અને પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ લોકોનો જુસ્સો દબાવી દેવા માટે આકરા તાપમાં ગામડાઓ ખૂંદતા હતા.સરકારે એકના બદલે ત્રણ જપ્તી અમલદારોની નિમણૂક કરી અને જપ્ત કરેલો માલ લઇ જવા માટે વાહનોનો ખડકલો કરી દીધો.

સરકારની લોકોના જુસ્સાને તોડી પાડવાની આ કવાયતથી ડરવાને બદલે ઉલ્ટાનું એને પોતાનું ગૌરવ સમજવું જોઇએ એવી વાતો સરદાર બધાને કરતા.સરકારના આ ધમપછાડાની મજાક ઉડાવતા સરદાર કહેતા કે" બારડોલીની સડક ઉપર બજારથી સ્ટેશન સુધી આજકાલ ઘોડેસવારો ફરે છે, બંદૂકવાળા પોલીસો પણ તાલુકામાં આવ્યા છે. આવું દુર્લભ માન તમારા ભાગ્યમાં ક્યાં હતું ? કલેક્ટર સાહેબે આ ધીકતા તાપમાં બારડોલીની ભૂમિ પાવન કરી એ તમારા ભાગ્ય. જિલ્લાના પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબ પણ આ તાલુકાની મુલાકાત લઇ ગયા તે શું ઓછી વાત છે? બ્રિટીશ સલ્તનતના ઇતિહાસમાં જેનો જોટો નથી એવો આ તમારો સાલસ તાલુકો, જેમાં કોઇપણ વખતે એક પણ નોટીસ મહેસૂલ ઉઘરાણી માટે કાઢવી પડી નથી, એવા આ બારડોલી તાલુકામાં ત્રણ ત્રણ જપ્તી અમલદારો મોકલવા પડ્યા તે શું તમારું ઓછું ગૌરવ છે? તમારો માલ જપ્ત કરીને ઉંચકી જવા સુરતથી ખાસ મોટર અને ખટારા મંગાવવા પડ્યા એ પણ શું તમારી ઓછી શોભા છે?"

સરદારની આવી વાણી લોકોને અસહ્ય પરિસ્થિતિમાં પણ એક અનોખું બળ પૂરું પાડતી હતી અને સરકારના જુલ્મોની સામે ટકાવી રાખતી હતી.

જ્યારે સમસ્યાઓ આવે ત્યારે એનાથી ગભરાવાને બદલે એ જ સમસ્યાઓને ગભરાવી દેવાની સરદારની આ આવડત આપણે પણ હસ્તગત કરવા જેવી છે. સમસ્યાઓ આવે ત્યારે ટીમના સુકાનીએ પાણીમાં બેસી જવાના બદલે આખી ટીમને નવા જોમ અને જુસ્સા સાથે ટકી રહેવા માટે પ્રેરણા પૂરી પાડવી જોઇએ.

## ૨. સરદાર મારા આંગણે ક્યાંથી ?

બારડોલીના સત્યાગ્રહ સમયે સરદાર લોકોની ખબર મેળવવા માટે ઘરે ઘરે ફરતા. સરદારને સમાચાર મળ્યા કે એક વૃધ્ધ પેન્શનરના ઘર પાસે પોલીસે અડીંગો જમાવ્યો છે એટલે એ ઘરની મુલાકાત લેવા માટે આવી પહોંચ્યા. આ ઘરમાં વૃધ્ધ પતિ-પત્ની બે જ રહેતા હતા. સરદાર પોતાના ઘરની બહાર આવ્યાની ખબર પડતાં જ ડોશી મેડી પર ચડી ગઇ અને ત્યાંથી જ સરદારને ચોખાથી વધાવીને દુઃખણાં





લીધાં.

આ ડોશીના ઘરની બરાબર સામે જ પોલીસ થાણું હતું. પોલીસ અને પઠાણ ડોશો-ડોશી ઘરના કમાડ ઉઘાડે તો ઘરમાંથી વસ્તુની જપ્તી કરી શકાય એની રાહ જોઇને જ બહાર બેઠા હતા. સરદારે નીચે ઊભા ઊભા જ માજીને પૂછ્યું, " માડી, આ પોલીસ તમારા ઘરની સામે જ થાણું નાંખીને બેઠી છે તે તમને બીક નથી લાગતી ?" ડોશીએ મક્કમતાથી જવાબ આપ્યો, " એમાં વળી બીક શેની ? તમારા જેવા સિંહસમાન રખેવાળ બેઠા હોય પછી આ પોલીસ શું કરવાની હતી ?"

સરદારે કહ્યું, " માજી તમારી એ વાત સાચી પણ આ પઠાણો તમારી સામે ડાઘીયા કૂતરાની જેમ તમારી મિલકત હડપ કરવા બેઠા છે. ઘરમાં તમે અને તમારા પતિ માત્ર બે જ વ્યક્તિ છો અને વળી પાછા વૃધ્ધ છો એટલે મને તમારી ચિંતા થઇ. " ડોશીએ કહ્યું, " ભલું થજો આ પોલીસનું અને પઠાણોનું કે એ મારા ઘરની સામે બેઠા છે. જો એ અહીંયા ન હોત તો સરદાર મારા આંગણે ક્યાંથી આવત ? આજે આ પોલીસના લીધે તો મને મારા સરદારને ચોખાથી વધાવવાનું સૌભાગ્ય મળ્યું છે."

જો લોકોને તમારા કરવા હોય તો પહેલા તમારે લોકોમાં વિશ્વાસ પ્રગટાવવો પડે. એક વખત લોકોને વિશ્વાસ બેસે પછી એ તમારા માટે એ બધું જ કરી છૂટે અને તમારા એક વચન પર ગમે તેવી મુશ્કેલીઓ સહન કરવા પણ લોકો તૈયાર થાય.

### ૩. જો જો મરદ થઇને રહેજો

બારડોલીના સત્યાગ્રહ વખતે વલ્લભભાઇએ સ્થાનિક પ્રજામાં ગજબનો આત્મવિશ્વાસ જન્માવ્યો હતો. પુરુષો તો ઠીક સ્ત્રીઓ પણ સરદારની આ લડતમાં પૂરે પૂરો સહયોગ આપતી હતી. ગામડાંની બહેનો એમની ગામઠી ભાષામાં સરદારના સેવાકાર્યના ગીતો બનાવીને ગાતી, સરદાર જ્યાં જ્યાં જાય ત્યાં બહેનો દ્વારા વિજય તિલક કરીને એમનું સ્વાગત અને સન્માન કરવામાં આવતું. સરકારની વિરુધ્ધમાં એક એવું અદ્ભુત વાતાવરણ ઊભુ થયું હતું કે જોનારાઓ જોઇને છક થઇ જતા. સરદારે સ્ત્રીઓને પણ લડાઇ માટે કેવી તૈયાર કરી હતી એનો આ ઉત્કૃષ્ટ પ્રસંગ છે.

નાની ફરોદ ગામમાં ભવાન પટેલ નામના એક ખેડૂત એમના પરિવાર સાથે રહેતા હતા. એક દિવસ પટેલ ઘરે હતા અને સરકારના માણસો જપ્તી કરવા આવ્યા. સરદારે

એવી વ્યવસ્થા ગોઠવી હતી કે જ્યારે સરકારી અમલદારો જપ્તી કરવા આવે એટલે ગામના પાદરમાં રહેલા છોકરાઓ મોટા-મોટા અવાજથી ઢોલ વગાડવા માંડે જેથી લોકો ચેતી જાય અને ઘરના દરવાજા બંધ કરી દે. ઢોલ વાગવાનો શરુ થતાં જે લોકો ગામમાં હતા એ ફટાફટ પોતાના ઘરના દરવાજાઓ બંધ કરવા લાગ્યા. ભવાન પટેલના ઘરવાળા પણ દરવાજો બંધ કરવા ગયા અને એ જ વખતે અમલદાર સામે આવી ગયો. દરવાજો બંધ કરતા અમલદારને નાક ઉપર ઈજા થઇ.અમલદારે ભવાન પટેલ સામે કેસ માંડ્યો. દરવાજો એની પત્નીએ બંધ કર્યો હતો પણ કેસ ભવાન પટેલ પર થયો. કોર્ટમાંથી તેડું આવ્યું. જે દિવસે કોર્ટમાં સુનાવણી માટે જવાનું હતું તે દિવસે ભવાન પટેલની પત્ની પોતાના પતિને સાથે લઇને બારડોલીના સ્વરાજ આશ્રમમાં ગઇ. સરદાર પટેલ પાસે એના ઘરવાળાને બેસાડીને કહ્યું, " આ સરદાર સામે જો, આપણા માટે સંન્યાસી બનીને આશ્રમમાં રહે છે. હવે કોર્ટમાં જઇને તું ઢીલો પડતો નહીં. કોર્ટ જે સજા આપે એ સ્વીકારી લેજે. સજા ઓછી કરાવવાની લાલચમાં જજના પગમાં પડતો નહીં નહીતર આપણા સરદારની આબરુ જાશે." સરદાર આ બાઇની હિંમતથી ભરેલી વાતો સાંભળીને ખૂબ પ્રસન્ન થયા.

સ્વરાજ આશ્રમમાંથી આ બાઇ એના પતિની સાથે કોર્ટમાં ગઇ. જજે કેસ ચલાવ્યો અને આવી નાની બાબતમાં પણ છ માસની જેલની સજા કરી. બાઇએ ત્યારે પણ એના પતિને કહ્યુ, "તમે બિલકુલ ઢીલા પડતા નહીં અને મરદ થઇને રેજો. છોકરાવની પણ કંઇ ચિંતા કરતા નહીં. હું બધુ સંભાળી લઇશ." ભવાન પટેલના મિત્રો પણ કોર્ટમાં સાથે આવ્યા હતા. ભવાન પટેલને જેલમાં લઇ જવામાં આવ્યા એટલે એના નોંધારા થઇ ગયેલા પરિવારને મદદ કરવા માટે મિત્રોએ એ વખતે ૯ રૂપિયા ભેગા કરીને ઘરખર્ચ માટે આપ્યા.

ભવાન પટેલની પત્ની એમને મળેલા ૯ રૂપિયા લઇને ઘરે આવવાને બદલે સ્વરાજ આશ્રમમાં ગઇ અને સરદાર પટેલને બધી વાત કરીને ૯ રૂપિયા સરદારના ચરણે મૂકીને કહ્યું, " લ્યો મારા બાપ, આ રૂપિયા તમને સરકાર સામેની લડાઇમાં કામ લાગશે." ગામડાની એક અભણ ખેડૂત સ્ત્રીની હિંમત અને બલિદાનની ભાવના જોઇને સરદાર જેવા સરદારની આંખના ખૂણા પણ ભીના થઇ ગયા.

તમે એકલા હાથે અન્યાય સામે બહુ લાંબું ન ટકી શકો.



અન્યાય વિરુધ્ધની લડાઇ લડવા માટે એક ટીમ તૈયાર કરવી પડે. આપણે આવી ટીમો તો તૈયાર કરીએ છીએ પણ ટીમ લીડર તરીકે સરદાર જેવા સમર્પણના અભાવે આપણે ભવાન પટેલના પત્ની જેવા ટીમના સભ્યો તૈયાર કરવામાં નિષ્ફળ જઇએ છીએ.

**૪. તમે તો અમારા છો .**

સત્યાગ્રહની લડાઇ વખતે સરદાર બહુ ચાલાકીથી અને કુનેહથી કામ લેતા. સરદાર જાણતા હતા કે અંગ્રેજ સરકારના હાથ અને પગ એટલે ગામનો મુખી અને તલાટી. સરકારને જે કંઇ કામ કરવાનું હોય એ મુખી અને તલાટી મારફત જ થતું અને મુખી કે તલાટી તરીકે કામ કરનાર માણસ તો સ્થાનિક રહેવાસી જ હોય. જો લડતમાં મુખી અને તલાટીને આપણા પક્ષે ખેંચી લેવામાં આવે તો સરકારને હંફાવવામાં મદદ મળે એમ સરદાર સારી રીતે જાણતા.સરદાર આ માટે મુખી અને તલાટીઓની અલગ સભા ભરે જરૂર પડે તો વ્યક્તિગત રીતે મળીને પણ સમજાવે. સરદાર અને એમની વચ્ચે આવો સંવાદ રચાય.

"લોઢાને કાપવા માટે શેની જરૂર પડે ?"

"એ તો લોઢાની જ જરૂર પડે. લોઢા વગર લોઢાને ન કાપી શકાય"

"તમે જે વાત જાણો છો એ વાત અંગ્રેજ સરકાર પણ જાણે છે અને એટલે એ લોઢાથી લોઢું કાપવાનું કામ કરે છે."

"તમે શું કહો છો તે કંઇ સમજ નથી પડતી સરદાર સાહેબ"

" આ તમે થોડા ઇંગ્લેન્ડથી અહીંયા આવ્યા છો ? તમે અહીંના જ છો અને તમને હાથા બનાવીને તમારા ભાઇ-બહેનો પર જ અત્યાચાર કરાવે છે. આ સાત રૂપરડીના પગારમાં કંઇ તમે વેચાઇ થોડા ગયા છો ? તમે તો અમીર દિલના માણસ છો. તમે કંઇ પગાર ખાતર તમારા જ ગામ અને પરિવારના લોકો પર ડંડા થોડા મારશો? " સરદાર પટેલની આ વાતોની મુખી અને તલાટીઓ પર એવી અસર થતી કે બધા રાજીનામાં આપવા તૈયાર થઇ જતા અને ટપોટપ પડતા રાજીનામાંથી અંગ્રેજ અમલદારો પણ હેબતાઇ જતા.

જ્યાં પ્રેમથી કામ લઇ શકાય તેમ હોય ત્યાં બળનો ઉપયોગ બિલકુલ ન કરવો. આપણા લોકો પાસે આપણે ડંડા ઉગામીએ છીએ અને બીજા લોકોની સાથે સીધા થઇને ચાલીએ છીએ પણ ખરેખર નજીકના લોકોની સાથે સમજાવટથી કામ પતાવવું જોઇએ.

**૫. ગુજરાતનો સિતારો રાષ્ટ્રીય ફલક પર ચમક્યો**

૧૯૨૮માં કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન કલકતામાં ભરાયું હતું. બારડોલીના સત્યાગ્રહ પછીનું આ અધિવેશન હતું એટલે સત્યાગ્રહની સફળતાનો આનંદ ઉડીને આંખે વળગતો હતો. બારડોલીના આ સત્યાગ્રહે માત્ર ભારત જ નહી ભારત બહાર પણ ખાસ્સી ચર્ચાઓ જગાવી હતી. દેશભરના કાર્યકર્તાઓ સરદાર અને સરદારના કામથી ખૂબ પ્રભાવિત થયા હતા.

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મોતીલાલ નહેરુએ બારડોલીના સત્યાગ્રહને અભિનંદન આપતો ઠરાવ મુક્યો ( આ ઠરાવમાં વલ્લભભાઇ માટે વાપરવામાં આવેલ વિશેષણ 'સરદાર' કેટલાક નેતાઓના આગ્રહથી દૂર કરવામાં આવ્યું હતું.) આ ઠરાવને ઉપસ્થિત બધાએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો. અધિવેશનમાં હાજર બધા લોકો સરદારને જોવા માંગતા હતા. સરદારને એના સ્થાન પર ઊભા થવાનું કહેવામાં આવ્યું ત્યારે ગુજરાતની ટુકડીમાંથી સરદાર શરમાતા શરમાતા ઊભા થયા. અંગ્રેજ સરકારને માત કરનાર આ સિંહપુરુષ સન્માન વખતે ખૂબ શરમાઇ રહ્યો હતો.

બધા લોકોએ આગ્રહ કર્યો કે સરદારને મંચ પર બોલાવવામાં આવે. સરદારને મંચ પર આવવા માટે કહેવામાં આવ્યું પણ તેઓ મંચ પર જવા તૈયાર નહોતા. અધિવેશનમાં આવેલા ડેલીગેટ્સોએ સરદારને પરાણે ધક્કો મારીને મંચ પર ચડાવ્યા. મંચ પર આવીને સરદાર નત મસ્તકે ઊભા રહ્યા અને બધા જ લોકોએ પોતાના સ્થાન પર ઊભા થઇને તાળીઓના નાદ સાથે સરદારને અભિનંદન આપ્યા. ગુજરાતનો આ સિતારો પ્રથમ વખત રાષ્ટ્રીય ફલક પર ચમક્યો અને આજદિન સુધી ચમકી રહ્યો છે.

ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે ' કર્યા વગર કંઇ મળતું નથી અને કરેલું ફોગટ જતું નથી." તમે જે કામ હાથમાં લો એ કામને નિષ્ઠાપૂર્વક પાર પાડો. યોગ્ય સમય આવ્યે તમે કરેલા કામની નોંધ ચોક્કસપણે લેવામાં આવશે જો કામ એવું હશે તો દુનિયાએ નોંધ લેવી જ પડશે.

# સરદારધામ - સૂર્યા વરસાણી એકેડેમી
## સંચાલિત
# સરદારધામ ભુજ શુભારંભ કાર્યક્રમ

સમસ્ત પાટીદારની એકતાનું ધામ સરદારધામ યુવાશક્તિના સર્વાંગી વિકાસ કાજે કાર્યરત છે. મિશન-૨૦૨૬ અંતર્ગત તેના પાંચ લક્ષ્યબિંદુઓ સિધ્ધ કરવા સંકલ્પબધ્ધ અને કટિબધ્ધ છે. સમસ્ત પાટીદાર સમાજના ૧૦ હજાર દીકરા-દીકરીઓ તાલીમ આપી વહીવટીતંત્રમાં મોકલવા માટે ગુજરાતના અલગ-અલગ ઝોનમાં સરદારધામની રચના કરવાનું નક્કી કરેલ છે. આ વ્યવસ્થાના ભાગરૂપે ભુજ ખાતે સરદારધામ સૂર્યા વરસાણી એકેડેમી સંચાલિત સરદારધામ ભુજનો શુભારંભ સમારોહ તા.૧૪-૯-૨૧ ને મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યોજાયો. સરદારધામના માનદ્‌મંત્રી CA બી.કે.પટેલે સરદારધામની પ્રવૃતિઓ વિશે પોતાના પ્રારંભિક ઉદ્‌બોધન અને સંચાલનમાં માહિતી આપી.

સૂર્યા વરસાણી એકેડેમીના સ્થાપક પ્રમુખશ્રી વિશ્રામભાઇ જે. પટેલે પોતાના સ્વાગત પ્રવચનમાં ટીમ સરદારધામના ઉપસ્થિત હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓની સૌ આમંત્રિતોને માહિતી તથા ઓળખ આપી તથા ઉપસ્થિત અન્ય સામાજિક આગેવાનો તથા હોદ્દેદારોનું શાબ્દિક સ્વાગત કર્યુ. પોતાના પ્રવચનમાં સરદારધામ વિશે માહિતી આપતા જણાવ્યું આજે આપણે સૌ એકઠા થયા છીએ તેનું કારણ સરદારધામ છે અને આપણે સૌ સારા કામ માટે એકઠા થયા છીએ. સરદારધામ આજની યુવા પેઢી માટે કામ કરે છે અને આ કાર્યમાં આગળ વધવા આપણે આપણી જવાબદારી અદા કરવી પડે અને લીડરશીપ લેવી પડે. આ કામગીરી સરદારધામ કરી રહ્યું



છે. આજે તેની પ્રવૃતિની કચ્છમાં શરૂઆત થઈ રહી છે. સરદારધામનું ધ્યેય યુવા પેઢી થકી પરિણામ લાવવા માટેનું છે તેમાં આપણે સૌએ સહકાર આપવો જોઇએ તેવી મારી નમ્ર વિનંતિ છે.

સરદારધામના પ્રમુખ સેવકશ્રી ગગજીભાઇ સુતરિયાએ વિશ્રામભાઇ જે. પટેલ, નટુભાઇ પટેલ, સરદારધામ સૂર્યા વરસાણી એકેડેમીની કોર ટીમને સરદારધામના સ્થાપક ટ્રસ્ટીઓ, ટ્રસ્ટીઓ, આમંત્રિત મહેમાનો, ઔદ્યોગિક,સામાજિક, વ્યાપારિક મિત્રો, સિવિલ સર્વિસ સેન્ટરમાં તાલીમ માટે પસંદગી પામેલા ભાવિ અધિકારીઓ યુવા ભાઇ-બહેનોને સૌને આવકાર્યા અને અભિનંદન પાઠવ્યા. સરદારધામ આયોજિત GPBS-૨૦૧૮, GPBS-૨૦૨૦ અંતર્ગત મળી રહેલા પરિણામો વિશે સૌને માહિતગાર કર્યા. યુવાશક્તિના સર્વાંગી વિકાસ માટે આપણે જીરો બનીને કામ કરવા માટે સૌને આહ્વાન કર્યુ. સરદારધામના પાંચ લક્ષ્યબિંદુઓ વિશે વિગતવાર જણાવ્યું. GPSC-UPSC, સમસ્ત પાટીદારની એકતા દ્વારા સૌએ સાથે મળી ૧૦૦૦ કરોડના ખર્ચે અલગ-અલગ ઝોનમાં પરવડે તેવા અને ૧૦ હજાર વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયોનું નિર્માણ કરવું. આ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને જે કોઇ સુવિધા ઉપલબ્ધ છે તે વિશે માહિતી આપી તથા ફીના માળખા વિશે જણાવ્યું. દીકરીઓને ૧ રૂ. ટોકન દરે રહેવા, જમવા તથા તાલીમની સુવિધા પૂરી પાડવામાં આવે છે. બેટી કો આગે બઢાનેકા કામ સરદારધામ કર રહા હૈ, સમાજ અને રાષ્ટ્રની દીકરીને સેવા કરવા માટે પાટીદાર સમાજના ૧૦ હજાર દીકરા-દીકરીઓને વહીવટીતંત્રમાં મોકલવા માગીએ છીએ. તે માટે આપણે સિવિલ સર્વિસ સેન્ટર ચલાવીએ છીએ. GPBSના માધ્યમથી પ્રથમ હરોળના ૧૦૦૦૦ ઉદ્યોગપતિઓનું સંગઠન બનાવી તેમના માધ્યમથી નવા ઉદ્યોગ સાહસિકો બનાવી યુવાપેઢીને આગળ લાવીએ તો દેશ અને દુનિયામાં ૧૦ લાખ નવા યુવા ઉદ્યોગ સાહસિકો તૈયાર થાય. યુવા તેજ-તેજસ્વિનીના સંગઠન દ્વારા સમાજને સંગઠિત કરી શકાય તે માટે ૧ લાખ કરતાં વધારે રાષ્ટ્રવાદી વિચાર ધરાવતા યુવા ભાઇ-બહેનોનું સંગઠન છે. GPBO પાટીદાર યુવા બિઝનેસને જોડવા માટેનું સંગઠન છે જેઓ દર અઠવાડિયે નિયમિતરૂપે મળે છે અને પોતાનાં વેપાર-ઉદ્યોગના ડેવલપમેન્ટ માટે એકબીજાને સહકાર આપે છે.

તા. ૧૧-૯-૨૧ ના રોજ અમદાવાદ ખાતે સરદારધામ ભવનનું લોકાર્પણ તથા સરદારધામ ફેઝ-૨ કન્યા છાત્રાલયના વર્ચ્યુલી ભૂમિપૂજનનો કાર્યક્રર્મ ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે સંપન્ન થયો. વિશ્રામભાઇ પટેલે ભૂજના સૂર્યા વરસાણી એકેડેમીમાં સરદારધામ સિવિલ સર્વિસ સેન્ટર ચલાવવા માટે જે રીતે ૨૫ વર્ષના સમય માટે ચલાવવા ઈન્ફ્રસ્ટ્રકચર આપ્યું છે. તે માટે તેમને બિરદાવ્યા. આજે આપણે સિવિલ સર્વિસ સેન્ટર તથા છાત્રાલયનું ઉદ્ઘાટન કર્યું. આ સંસ્થા દ્વારા જે પરિણામ મળી શકે તે માટે કેળવણીધામના માધ્યમથી મળેલા પરિણામો જણાવ્યા. સરદારધામમાં તેનાથી અનેકગણું વધારે કામ થશે. તેની ખાત્રી આપી તેમજ કચ્છના સિવિલ સર્વિસ સેન્ટરમાં આનાથી વધારે સારું પરિણામ મળશે તેની શુભેચ્છા પાઠવી. ઉપસ્થિત સૌ સામાજિક અગ્રણીઓને આ પ્રકારની સામાજિક સેવાઓમાં જોડાવા માટે તથા યુવાપેઢી આગળ આવે તે માટે તેમને સહકાર આપવા માટે સૌને અપીલ કરી. સર્વે સમાજને સાથે રાખી વિકાસ કરવા માટે સરદારધામ સર્વ સમાજ સમરસ સમિતિ દર ત્રણ મહિને મળે છે. તેમને સાથે રાખી ચાલવું. દીલ્હી ખાતે શરૂ થનાર સિવિલ સર્વિસ સેન્ટર અંગે સૌને માહિતગાર કર્યા. તેનાથી જે ફાયદા થશે તે અંગે જણાવ્યું. સારું પરિણામ મેળવવા માટે સરદારધામ તૈયાર છે અને વિદ્યાર્થીઓની જરૂરિયાત પૂરી કરવા માટે ખાત્રી આપી.પોતાના વક્તવ્યને અંતે કચ્છની ટીમને અભિનંદન આપી આવનારા દિવસોની સફળતા માટે શુભેચ્છા પાઠવી. સરદારધામનું એક લક્ષ્યબિંદુ GPBO વિશે યુથ કન્વીનર ભાવિન પટેલ દ્વારા અત્યાર સુધીમાં જે કોઇ કામગીરી થઈ છે. જેટલી વિંગ હાલ કાર્યરત છે તેનાથી એકબીજાને સહકાર મળવાને કારણે જે ફાયદો થઈ રહ્યો છે અને ભવિષ્યમાં જે ફાયદો થશે તેની વાત કરી. અમદાવાદ સાથે સુરત, વડોદરા, મહેસાણા, વિસનગર, રાજકોટ, ભાવનગર, અમરેલી ચાલી રહેલી વિંગ વિશે જણાવ્યું કે

સરદારધામના પ્લેટફોર્મથી આ યુવા બિઝનેસમેનને જે લાભ થાય તે વિશે વાત કરી. GPBO ચાર કોર વેલ્યુ સાથે કામ કરે છે. તેનાથી તેની સતત પ્રગતિ થઈ રહી છે.તેનાથી જે નવો ઇતિહાસ રચાશે તેના આપણે સૌ સાક્ષી તથા ભાગ બનીશું.

સરદારધામના ઉપપ્રમુખ તથા સિવિલ સર્વિસ સેન્ટરના ચેરમેને સરદારધામમાં તથા MOU કરેલી અન્ય સંસ્થાઓ દ્વારા જે કામગીરી ચાલી રહી છે તથા તેમાંથી જે પરિણામો આવી રહ્યા છે તે વિશે જણાવ્યું. તેમાં કેળવણીધામ નિકોલ અમદાવાદ ખાતે MOU કરેલા સિવિલ સર્વિસ સેન્ટરથી છેલ્લા ત્રણેક વર્ષ જેટલા ગાળામાં કુલ ૭૩૯ જેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપી વહીવટી તંત્રમાં મોકલ્યા છે. જેમાં કલાસ-૧-૨ અને કલાસ-૩ માં વિદ્યાર્થીઓ જોડાયા છે. પરીક્ષા લઈને મેરીટના ધોરણે વિદ્યાર્થીઓને સિવિલ સર્વિસ સેન્ટરમાં સીધો પ્રવેશ આપીએ છીએ. તે અંગે માહિતી આપી. સર્વિસ સર્વિસના ડાયરેક્ટર સી.એલ.મીના IAS(Rtd.)ની કામગીરીને બિરદાવી પોતાનું વક્તવ્ય પૂરું કર્યું.

મોરબીથી પધારેલા નિલેષભાઇએ સરદારધામને તેની પ્રવૃત્તિઓની સફળતા માટે શુભેચ્છા પાઠવી તથા ગગજીભાઇ અને વિશ્રામભાઇને અભિનંદન આપ્યા. સરદારધામમાંથી તાલીમ મેળવી જે વિદ્યાર્થીઓ સરકારી વહીવટી કચેરીમાં જોડાયા છે તેમના અનુભવો તથા ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી પોતે આ સંસ્થાની દરેક પ્રવૃતિમાં સહકાર આપશે તેવી ખાત્રી ઉચ્ચારી.

અરજણભાઇ પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં જણાવ્યું કે કચ્છનો આ સમાજ તમામ પ્રકારની કુદરતી સમસ્યાઓની સામે ઝીક ઝીલીને આગળ વધી રહ્યો છે. સંઘર્ષથી આગળ વધી સફળતા મેળવી શકાય છે. સરદારધામની આ કામગીરીને અભિનંદન આપ્યા. સૌના સહકારથી સારું પરિણામ મેળવી શકાય છે તે આપણે સૌ જોઈ રહ્યા છીએ.આ પ્રકારની કામગીરી માટે સરદારધામને શુભેચ્છાઓ પાઠવી.

હંસરાજભાઇ ધોળુએ સરદારધામને શુભેચ્છા પાઠવી. સરદારસાહેબે જે કામગીરી કરી દેશને એક કર્યો તેમાંથી ગગજીભાઈએ પ્રેરણા મેળવી તેમના સપનાંને સાકાર કરવા માટે પ્રયત્નો કરે છે તેમને અભિનંદન આપ્યા. સરદારધામના ઉપપ્રમુખ તથા GCCIના પ્રમુખ શ્રી નટુભાઈએ ઔદ્યોગિક સંગઠન દ્વારા વિકાસ કરી શકાય તે બાબત પર ભાર મૂક્યો. અમેરિકામાં થયેલા પોતાના અનુભવો વર્ણવ્યા. કચ્છના ઉજ્જવળ ભવિષ્ય માટે વાત કરી. મોટા ઔદ્યોગિક ગૃહો દ્વારા સમાજને જે ફાયદાઓ થાય તે તથા તેમાંથી નવા ઉદ્યોગ સાહસિકોના વિકાસ માટે જે ફાયદાઓ થશે તે વર્ણવ્યા. આ માટે GPBSની વાત કરી.યુવા ઔદ્યોગિક મિત્રો તથા વિદ્યાર્થીઓની સાથે સંસ્થા છે સૌ આગળ વધો તેવી શુભેચ્છા પાઠવી.

સરદારધામની સી.ઇ.ઓ. શ્રી અચ.એસ.પટેલે કાર્યક્રમનાં અંતે જણાવ્યું કે હું સૌ પ્રથમ વિશ્રામભાઇનો આભાર માનું છું કે તેઓ આફ્રિકાથી સરદારધામનાં લોકાર્પણમાં આવ્યા હતા. સૂર્યા વરસાણી એકેડેમીના પ્રમુખ એવા વિશ્રામભાઇનો ખાસ આભાર માનવામાં આવે છે. આ કાર્યક્રમ માટે તૈયારી કરનાર કોર ટીમ કચ્છના સામાજિક અગ્રણીઆનો ખૂબ ખૂબ આભાર તેમજ સિવિલ સર્વિસ સેન્ટરના વિદ્યાર્થીઓને શુભકામનાઓ. સરદારધામ દ્વારા સિવિલ સર્વિસ સેન્ટરમાં જે જે પ્રકારની તાલીમ આપવામાં આવે છે તે અંગે સૌને માહિતગાર કર્યા.



- ટીમ સરદારધામ

# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ શુભારંભ કાર્યક્રમ સુરત તા. ૨૧-૯-૨૧

ઉત્તમ થકી અતિ ઉત્તમ ભવિષ્ય તરફ હરણફાળ ભરવાનો સૌથી શ્રેષ્ઠ મુકામ એટલે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ. GPBS-૨૦૧૮ અને ૨૦૨૦ની અભૂતપૂર્વ સફળતા બાદ સરદારધામ દ્વારા GPBS - ૨૦૨૨ નું ૨૬-૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨માં સુરત ખાતે આયોજન થવા જઈ રહ્યું છે. જેનો મુખ્ય ઉદ્દેશ વેપારના વિસ્તરણનો છે જેમાં એક જ પ્લેટફોર્મ પર નાનાથી માંડીને મોટા બિઝનેસમેન પોતાની પ્રોડક્ટનું લોન્ચિંગ, માર્કેટિંગ, બ્રાન્ડિંગ કરીને પોતાના બિઝનેસને ઉડવા માટે પાંખોને વિસ્તરવા માટે ખુલ્લું આકાશ આપી શકે છે.

આ બિઝનેસ સમિટમાં યુવાઓને માર્ગદર્શન માટે અનેક પ્રેક્ટિકલ અને પ્રૉફેશનલ વક્તાઓ દ્વારા વકતવ્ય અપાશે. ઉપરાંત આજના તૈયાર થઈ રહેલા યુવાનોને આવનારા વર્ષોનું વિઝન અને ચોક્કસ રીઝન આપશે. આ સમિટમાં એક્ઝિબિશન માટે ૯૫૦ સ્ટોલ્સ અને ૧૨ કરતા વધારે ડોમ હશે. જેમાં ડાયમંડ, ટેક્સટાઈલ્સ, ફાર્માસ્યુટીકલ્સ, એન્જિનીયરિંગ, ઓટોમાબાઈલ્સ, કેમિકલ્સ, ઈન્ફ્રાસ્ટ્રકચર, પેટ્રો-કેમિકલ્સ, એગ્રો, ઈલેક્ટ્રિકલ્સ, ગારમેન્ટસ, શિપિંગ, સર્વિસ સેન્ટર, હેલ્થકેર, સોલાર પાવર ઉપરાંત અનેક





બિઝનેસ સેક્ટરને આવરી લેવામાં આવ્યા છે. GPBS - ૨૦૧૮ અને ૨૦૨૦ ની જેમ આ સમિટમાં પણ પાટીદાર ઉદ્યોગરત્ન એવોર્ડ વિજેતાઓની માહિતી સભર કૉફી ટેબલ બુક બહાર પાડવામાં આવશે. આ વખતે પણ બહોળા પ્રમાણમાં મુલાકાતીઓ મુલાકાત લેશે તેવું અનુમાન છે.

આ સમિટનો ગ્રાન્ડ પ્રિ-લોન્ચિંગ કાર્યક્રમ સુરત, સરસાણા કન્વેન્શન સેન્ટર પ્લેટીનમ હૉલમાં યોજાયો હતો. જેમાં મોટા પ્રમાણમાં બિઝનેસમેનોએ હાજરી આપી હતી. સરદારધામના પ્રમુખસેવકશ્રી ગગજીભાઈ સુતરિયાએ જણાવ્યું કે સરદારધામના પાંચ લક્ષ્યબિંદુઓ પૈકીનું એક લક્ષ્યબિંદુ એવા GPBS અને GPBO યુવાશક્તિના સર્વાંગી વિકાસનું એક આર્થિક ઐતિહાસિક અભિયાન છે. જ્યાં નાનાથી લઈને મોટા બિઝનેસમેન એક જ પ્લેટફોર્મ પર ભેગા થઈને પરસ્પર વેપાર-ઉદ્યોગ કરશે. સ્ત્રી સશક્તિકરણના ભાગરૂપે આ સમિટમાં નાના-મોટા ઉદ્યોગો કરતી મહિલાઓને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે અલગ ડોમ ફાળવવામાં આવશે. તેમજ સામાજિક સમરસતાના ભાગરૂપે ૧૦ ટકા સ્ટોલ્સ સર્વે સમાજ માટે ફાળવવામાં આવશે. તેમણે ઉપસ્થિત તેમજ ઑનલાઈન મોટી સંખ્યામાં જોડાયેલા પાટીદાર બિઝનેસમેનોને આ સમિટમાં સ્પોન્સર સ્ટોલધારક, ડેલિગેટ તરીકે જોડાવા માટે આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સુરતના અગ્રણી બિઝનેસમેનો સામાજિક સંસ્થાના અગ્રણીઓએ હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્ર્મનું સમગ્ર આયોજન સરદારધામ દક્ષિણ ગુજરાત ઝોનના GPBS, GPBO તેમજ યુવા તેજ-તેજસ્વિનીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. સરસાણા ખાતે યોજાનાર અત્યાર સુધીનું સૌથી વધુ સેકટરને આવરી લેતું અને સૌથી વિશાળ જગ્યામાં આયોજિત થનાર પ્રથમ એક્ઝિબિશન બની રહેશે.

આ કાર્યક્રમમાં સમસ્ત પાટીદાર આરોગ્ય ટ્રસ્ટનાં ચેરમેન મન્નશ્રી મથુરભાઈ સવાણી તેમજ સરદારધામના પ્રમુખસેવક શ્રી ગગજીભાઈ સુતરિયા સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતની પાટીદાર સમાજની સંસ્થાઓએ એક સૂરમાં સુરતના અનેક અગ્રણીઓ અને સામાજિક વડાઓની ઉપસ્થિતિમાં અમદાવાદ, વડોદરા, ભાવનગર બાદ હવે આગામી સમયમાં સુરત ખાતે સરદારધામના નિર્માણનો ઐતિહાસિક સંકલ્પ લીધો હતો. સરદારધામ દક્ષિણ ગુજરાતના ફેઝ-૧ માં રૂ. ૩૦૦ કરોડના ખર્ચે GPSC-UPSC તાલીમ કેન્દ્ર અને હોસ્ટેલ સહિત યુવાઓને કેન્દ્રમાં

રાખી કરવામાં આવતા કાર્યો માટેના ભવનનું નિર્માણ કરવામાં આવશે. ફેઝ-૨ માં બાળભવનથી ઉચ્ચ શિક્ષણના ભવનો નિર્માણ પામશે. આમ સમાજના વિદ્યાર્થીઓનું અભ્યાસથી તેના લક્ષ્ય સુધીનું ઘડતર સરદારધામ દ.ગુ. માં શક્ય બનશે. જેના લાભ દ.ગુ. તેમજ અન્ય જિલ્લા અને ગ્રામ્યના વિદ્યાર્થીઓને મળશે. GPBS-૨૦૨૨ના કન્વીનર મનીષભાઇ કાપડિયાએ જણાવ્યું કે સૂર્યપુત્રી તાપી નદીનાં તટે વિકસી રહેલા દ.ગુ. ના આ સુરત શહેરમાં આજે અલગ-અલગ પાટીદાર સમાજના અગ્રણીઓ ઔદ્યોગિક મહાનુભાવોને આવકાર્યા. સુરતની ધરતી ઉપર પ્રથમ વખત GPBS -૨૨ નું આવું ભવ્ય આયોજન થશે. આપ સૌને જોડાવા માટે આમંત્રણ આપું છું.

ટીમ સરદારધામ તેમજ દ.ગુ. ની ટીમની ઉપસ્થિતમાં GPBS-૨૦૨૨નો શુભારંભ થયો. સરદારધામના વિઝન, મિશન અને ગોલ્સ વિશે માહિતી આપતાં સરદારધામ પ્રમુખ સેવક શ્રી ગગજીભાઇ સુતરિયા GPBS-૨૦૨૨ ના પ્રિ-લોન્ચગ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને આવકાર્યા. વક્તવ્યની શરૂઆતમાં જણાવ્યું કે આ પ્રયોગોનું વર્ષ છે. તેના ભાગરૂપે GPBS-૨૦૨૨ નું સંચાલન યુવાનોને સોંપ્યું છે. આ સંસ્થા સર્વ સમાજને સાથે રાખીને કાર્ય કરે છે. આ સમિટ ગ્લોબલ છે તેનો અર્થ વિશાળ ફલક ઉપર થાય છે તે જણાવ્યું. ઉજ્જવળ ભવિષ્ય માટે આવનારી તકને ઝડપવા યુવાનોને આહ્વાન કર્યું. સરદારધામની સ્થાપનાથી લઈને આજ સુધી અવિરત વિકાસયાત્રા વિશે જાણ કરીએ. ગુજરાતના બધા જ ઝોનમાં ચાલતી સંસ્થાઓ તથા યુવાશક્તિના સર્વાંગી વિકાસ માટે તેમાં ચાલી રહેલી પ્રવૃતિઓ વિશે સૌને જણાવ્યું. કેળવણીધામ નિકોલને રોલમોડેલ બનાવી સમાજને પરિણામ મળી શકે છે તેનો અહેસાસ કરાવ્યો અને તે મુજબની પ્રવૃતિઓ અન્ય સંસ્થાઓ દ્વારા થઈ રહી છે. આ રીતે સારદારધામનાં પાંચ લક્ષ્યબિંદુઓ અંતર્ગત ચાલતી પ્રવૃતિઓની માહિતી આપી તથા આવનારા વર્ષોમાં સરદારધામ જે જે પ્રવૃતિઓ કરવા જઇ રહ્યું છે તેની માહિતી આપી. આ પ્રવૃતિઓ માટે ૨૦૧૯ માં કેવડિયા કોલોની ખાતે ૪૭૮ મહાનુભવોની ચિંતન શિબિર કરી રોડમેપ બનાવ્યો.

સુરત ખાતે સરદારધામ બનાવવાનો સહુનો વિચાર રજૂ કરી પ્રથમ ભૂમિદાતા તરીકે રૂ.૨ કરોડનું દાન જાહેર કરનાર શ્રી દિયાળભાઇ વાઘાણીનું સન્માન કર્યું. પદ્મશ્રી મથુરભાઇ સવાણીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે સુરત ખાતે GPBS -૨૦૨૨ની સાથે સરદારધામનું નિર્માણની જાહેરાત કરી. આપણે વિવિધ સંસ્થાઓના માધ્યમથી સમાજને ઉપયોગી કાર્યો કરીએ છીએ. યુવાનોને માર્ગદર્શન આપી ઉપયોગી થવાનું કાર્ય સરદારધામ અને ગગજીભાઇના માધ્યમથી આપણને પ્રાપ્ત થયું. આ કામ માટે આપણે સુરતના યુવાનોની ટીમને અભિનંદન આપીએ. ૧૦ હજાર ઉદ્યોગપતિઓને જોડવાનાં ગગજીભાઇના પ્રયાસને સફળતા મળશે અને આપણા સમાજમાં એક નવી આર્થિક વ્યવસ્થા ઊભી થશે. આ ૧૦



હજાર ઉદ્યોગપતિ સરદારધામ માટે CSR કાઢશે. તે દિવસે સરદારધામને સામેથી ફંડ મળતું થશે અને સર્વાંગી વિકાસના કામ થશે. ૨૦૨૨ ની સમિટની સફળતા માટે સુરતના યુવાનોની ટીમને અભિનંદન.

ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૨ ના ઈવેન્ટ પાર્ટનર - પાલ ઈવેન્ટ દ્વારા GPBS-૨૨ અંગે પ્રેઝન્ટેશન આપી સમિટ વિષે સૌને વિગતવાર માહિતી આપી. સફળતા માટે જવાબદારી નીભાવવાની ખાતરી આપી. સમિટની વ્યાખ્યા સમજાવી ઉદ્દેશો એક્ઝિબિશન વિશેષતાઓ, પાટીદાર ઉદ્યોગ રત્ન તથા કૉફી ટેબલબુકનું વિમોચન, વિશેષતાઓ, કન્વેન્શનની ખાસિયતો, ભાગ લેવાથી થનાર ફાયદાઓ, સ્ટોલના ભાવો તથા તે અંગેની માહિતી, GPBS - ૨૦૧૮ અને ૨૦૨૦ ની ખાસિયતો, GPBS ૨૦૨૨ સ્પોન્સરશીપ ૫ કરોડ જોઈન સ્પોન્સરશીપના ફાયદાઓ “ સાથે મળીને ચાલો કરીએ આજે દ્રઢ નિશ્ચયથી વિશ્વને આપીએ પાટીદારોનો એક નવો પરિચય.

શ્રી કેશુભાઈ ગોટીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે GPBS -૨૦૨૨ માટે યુવા આયોજક ટીમને શુભેચ્છાઓ પાઠવી. સુરત ખાતે આકાર લેનાર સરદારધામ બિનસાંપ્રદાયિક સંસ્થા બની રહે તેવો પોતાનો વિચાર વ્યક્ત કર્યો. આ સંસ્થા દ્વારા પરિણામ મળશે તેવો સંપૂર્ણ વિશ્વાસ છે. સેવા કરવાનો મને મોકો મળ્યો તે બદલ સમસ્ત સમાજનો આભાર માનું છું.

મનહરભાઈ સાચપરાએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં જણાવ્યું યુવાનોને સમિટનું આયોજન કરવા માટે અભિનંદન. આપણી પાસે ખૂબ મોટા બેનર્સ છે તેનો લાભ મળશે. આગળ વધો તેવી શુભેચ્છા. દિયાળભાઈ વાઘાણીએ પ્રસંગોચિત્ત ઉદ્‌બોધનમાં કાર્યક્રમની શુભેચ્છાઓ પાઠવી. સરદારધામની સુરત ખાતે રચના કરવાનો આપણો વિચારને વધાવી લેવો પડશે. ખૂબ મોટા પાયા પર સરદારધામની રચના કરવા આપ સૌ તન, મન, ધનથી રસ લઈ સહકાર આપશો તેવી અપેક્ષા સાથે સૌને અભિનંદન.

કાનજીભાઈ ભાલાળાએ GPBS - ૨૦૨૨ માટે શુભકામના પાઠવી. સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સંચાલિત હૉસ્ટેલના ભૂમિપૂજન સમારોહમાં પધારવા સૌને આમંત્રણ પાઠવ્યું. ૫૦ વર્ષથી આજદિન સુધીમાં પાટીદારોએ સુરત ખાતે આવીને જે સફળતા પ્રાપ્ત કરી જે વિકાસ કર્યો તેની ઝલક આપતા GPBS -૨૦૨૨ માટે શુભકામના પાઠવી. ખૂબ મોટા પાયા ઉપર GPBS-૨૦૨૨ નું આયોજન થશે, તેવી યુવા મિત્રોને શુભકામના. સરદારધામ સુરત ખાતે બની રહ્યું છે તેમાં તમામ ટ્રસ્ટીઓને અભિનંદન. આ સંસ્થા તમામ યુવાનોની જરૂરિયાત પૂરી પાડશે. સરદારધામે વિશ્વકક્ષાએ પાટીદારોની એક નવી ઓળખ ઊભી કરી છે. આ સમિટ માત્ર વેપાર માટે નથી, યુવાનોને એક પ્લેટફોર્મ પૂરું પાડવાનું માધ્યમ છે. તેનાથી એક નેટવર્ક વધશે અને વિકાસ થશે અને નવી ઓળખ ઊભી થશે. યુવાનોને એક નવો વિચાર મળશે.જે સૌરાષ્ટ્ર સેવા સમાજના દશેરાના દિવસે ભૂમિપૂજનમાં ઉપસ્થિત રહેવા સૌને આમંત્રણ આપ્યું. ગોવિંદભાઈ વરમોરાએ સામાજિક અગ્રણીઓની કામગીરીને બિરદાવી અને શુભેચ્છા પાઠવી. સમસ્ત પાટીદાર સમાજના પ્રમુખ શ્રી વેલજીભાઈ શેટાએ પ્રસંગોચિત્ત ઉદ્‌બોધનમાં જણાવ્યું GPBS -૨૦૨૨ ના શુભારંભ પ્રસંગે યુવા ટીમને આયોજનમાં આપણે સહુએ ટેકો આપવો જોઈએ અને તેમની પડખે ઊભા રહેવું જોઈએ. સરદારધામના વિચારને પણ અભિનંદન આપ્યા અને આ સંસ્થાને ટેકો આપવાની સૌને અપીલ કરી. દિનેશભાઈ નાવડિયાએ પ્રસંગે અનુરૂપ ઉદ્‌બોધનમાં જણાવ્યું કે યુવાનો સાથે બિઝનેસમેનોએ ખૂબ મહેનત કરવી પડશે. આવા એક્ઝિબિશનના મારફતે ઘણા બિઝનેસમેન સાથે ઓળખાણ થાય છે. GPBS -૨૦૨૨ માં અપેક્ષા કરતાં પણ વધારે બુકિંગ અને સફળતા મળશે. ડાયમંડ બુર્શની જેમ આપણે IT હબ બનાવવાની જરૂરિયાત વિશે જણાવ્યું આપણા સહિયારા પ્રયાસથી સફળતા મળશે તેવી શુભેચ્છા. દ.ગુ. પ્રભારી વિપુલ સાચપરાએ સૌનો આભાર માન્યો તથા અલગ-અલગ કમિટીઓનો પણ આભાર માન્યો. સુરત સરદારધામના નિર્માણ માટે પદ્મશ્રી મથુરભાઈ સવાણી તથા ગગજીભાઈને ઉપસ્થિત સૌએ સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું.



સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વિશ્વ પાટીદાર સમાજ

## તમામ ઔદ્યોગિક-વેપારી મિત્રો માટે સોનેરી અવસર

GPBS (ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૧૮/૨૦૨૦) ની ભવ્ય સફળતા બાદ સમાજના પ્રથમ હરોળના ૧૦૦૦૦ તેમજ ૧૫૦૦૦ જેટલાં નાના - મધ્યમ બિઝનેસમેન, સમાજના વિવિધ પ્રોફેશનલ અંગો અને સરદારધામ યુવા તેજ-તેજસ્વીની (૧ લાખ સંગઠન) મળીને લાખો લોકો સુધી આપની કંપનીની પ્રોડક્ટના માર્કેટિંગ, બ્રાન્ડિંગ અને લોન્ચિંગ માટેનું ઉત્તમ પ્લેટફોર્મ એટલે "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિન.

તો આવો મિત્રો...સાંપ્રત પરિસ્થિતિ તેમજ આજના ટેકનોલોજીના યુગમાં સમયની સાથે તાલ મિલાવવા **પરવડે તેવા જાહેરાતના નવા દર** સાથેના અજોડ માધ્યમ એવા "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિનમાં જાહેરાત આપી સરદારધામ વેબસાઈટ – સોશિયલ મીડિયા, ફેસબુકના માધ્યમથી આપણાં બિઝનેસનો બહોળો પ્રચાર કરી સફળતાના શિખરો સર કરીએ...જય સરદાર...

## "સરદારધામ-એક વિચાર" - ઇ-મેગેઝિન માટે જાહેરાતના નવા દર

વાર્ષિક (માસિક કુલ-૧૨ અંક)

### જાહેરાતના દર (તારીખ :- ૦૧-૦૮-૨૦ થી લાગુ)

- બીજું ટાઇટલ (અંદરનું) રૂા. ૧,૦૦,૦૦૦/- A-4 સાઇઝ GST INCL.
- ત્રીજું ટાઇટલ (અંદરનું) રૂા. ૭૫,૦૦૦/- A-4 સાઇઝ GST INCL.
- ચોથું ટાઇટલ (બહારનું) રૂા. ૬૦,૦૦૦/- A-4 સાઇઝ GST INCL.
- મેગેઝિનની અંદરના કોઈપણ એક ફુલ પેજ માટે રૂા.૫૦,૦૦૦/- A-4 સાઇઝ GST INCL.
- મેગેઝિનની અંદરના કોઈપણ એક હાફ પેજ માટે રૂા.૨૫,૦૦૦/- A-4 સાઇઝનું હાફ પેજ GST INCL.
- મેગેઝિનની અંદરના કોઈપણ એક ક્વાર્ટર પેજ માટે રૂા.૧૫,૦૦૦/- એ-૪ સાઇઝનું ક્વાર્ટર પેજ GST INCL.



મેગેઝિનમાં ઓછામાં ઓછા ૧ વર્ષ માટે જાહેરાત આપવી જરૂરી છે.

મેગેઝિનમાં આપની કંપનીની જાહેરાત માટે ડિઝાઇન આપના તરફથી આપવાની રહેશે.

૧ વર્ષની જાહેરાતની રકમનો ચેક અને ડિઝાઇન એડવાન્સમાં એક સાથે મોકલી આપવાના રહેશે.

મેગેઝિનમાં જાહેરાત માટે કે અન્ય કોઇ માહિતી માટે ૯૮૭૯૯૯૪૯૬૭ / ૭૫૭૫૦૦૧૫૯૬ પર સંપર્ક કરવો.

સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧

/Sardardham1 • /sardardham_ • www.sardardham.org • info.sardardham@gmail.com
+91 7575001548 • @sardardham_ • Sardardham_Info • /Sardardham



**સ્વામી સચ્ચિદાનંદ**
દેશના આધુનિક અને વ્યવહારિક આવિષ્કારોને સમર્થન આપતા સંત

# ઈઝરાયલની જીવનવ્યવસ્થા

ડૉ. મફતલાલ પટેલ, ઈઝરાયલની યાત્રા કરી આવ્યા છે, તેમણે ત્યાં જે જોયું તથા અનુભવ્યું તેના આધારે એક પુસ્તિકા લખી છે : 'શક્તિ અને સમૃદ્ધિનો દેશ ઈઝરાયલ. ' સામાન્ય રીતે વિશ્વના ટચૂકડા દેશોમાં ઈઝરાયલનું સ્થાન છે, પણ દેશનું વ્યક્તિત્વ તેના ભૌગોલિક ક્ષેત્રફળથી નથી બનતું. આ બંને રીતે ઘણા મોટા દેશોને આપણે જાણીએ છીએ પણ વ્યક્તિત્વની બાબતમાં તેમની મહત્તા લગભગ કંગાળ જ દેખાય છે. ઈઝરાયલ અવારનવાર સમાચારપત્રોમાં ચમક્યા કરે છે. તેનું અસ્તિત્વ તથા વ્યક્તિત્વ જ એવું છે કે મિત્રો, શત્રુઓ તથા તટસ્થ સૌએ તેની નોંધ લેવી જ પડે છે. શ્રી પટેલે પ્રસ્તુત પુસ્તિકામાં ત્રેવીસ પ્રકરણો લખ્યાં છે. તેમાં બીજું પ્રકરણ યહૂદી ધર્મ ઉપર છે.

**યહૂદી ધર્મની દસ આજ્ઞાઓ**

ધર્મ પ્રજાનું ઘડતર કરે છે, પ્રજા શૂરવીર, સાહસી, બાહોશ બને છે તો તેની પાછળ ધર્મતત્ત્વનું મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે. જો પ્રજા કાયર, બીકણ, સાહસહીન બને છે તો તેમાં પણ ધર્મ જ મુખ્ય કારણ હોય છે, પોતાના ધર્મની ખૂબીઓને અને ખામીઓ સમજવા માટે પણ વિચારકોએ વિશ્વના મહત્ત્વપૂર્ણ ધર્મોનું અધ્યયન કરવું જરૂરી છે. ખ્રિસ્તી ધર્મથી પણ યહૂદી ધર્મ પ્રાચીન છે. હજરત મૂસા દ્વારા પ્રચલિત આ ધર્મ આજે જનસંખ્યાની દષ્ટિએ ભલે નાનો હોય પણ તેના સિધ્ધાંતો દ્વારા તે ખૂબ ઊંડો છે. આ આખો ધર્મ અત્યંત સરળ તથા સાદો છે. મુખ્યતઃ દશ આજ્ઞાઓ ઉપર આધારિત આ ધર્મ કડક રીતે એકેશ્વરવાદની સ્થાપના છે. પ્રભુ યહોવાહની સ્પષ્ટ આજ્ઞા છે કે 'મારા સિવાય કોઈ પણ દેવ રાખીશ નહીં. ' માત્ર એક જ નિરાકાર પરમાત્માની ઉપાસના કરવાની. બીજી આજ્ઞા છે : ' તારે ઘડેલી મૂર્તિ કરવી નહિ, અને આકાશ, પૃથ્વી કે પાતાળ





ઉપરની કોઈ પણ ચીજની આકૃતિ બનાવવી નહિ', અર્થાત મૂર્તિપૂજા તથા પ્રકૃતિપૂજાનો નિષેધ. આપણે ત્યાં મૂર્તિપૂજા તથા પ્રકૃતિપૂજાનો એટલો બધો અતિરેક થયો છે કે મૂળ પરમાત્મા જ લગભગ ગાયબ થઈ ગયો છે.

**નિષ્ઠા - કામમાં**

યહૂદી ધર્મની ત્રીજી આજ્ઞા નવાઈ ઉપજાવે તેવી છે : 'તારા પ્રભુનું તારે ફોગટ નામ લેવું  નહિ.' આપણે તો કલાકો, સપ્તાહો અને મહિનાઓ સુધી અખંડ ધૂન કરીએ — કરાવીએ છીએ, જોરજોરથી કીર્તન કરીએ છીએ અને નામસંકીર્તનનો મહિમા ગાઈએ છીએ. જ્યારે યહુદીઓ એમ મને છે કે અનાવશ્યક નામ લેવું ન જોઈએ. આ બંને ભિન્ન ભિન્ન થયું છે. આપણે કાંઈક દુઃખ કે ઉપાધિ આવે ત્યારે નામ લેવા બેસી જઈએ છીએ. ભારતમાં હજારો માણસો માત્ર બીજાના માટે જાપ કરવાના કામમાં રોકાયેલા રહે છે. જ્યારે પેલા યહુદીઓ દુઃખ કે ઉપાધિના સમયમાં કામ કરવા બેસી જાય છે. એકની નિષ્ઠા નામમાં છે, બીજાની નિષ્ઠા કામમાં છે. બંને ઈશ્વરવાદી છે. એક માને છે કે તેનું વારંવાર નામ લેવાથી તે બધું ઠીક કરી આપશે, જ્યારે બીજા માને છે કે સાચી રીતે પુરૂષાર્થ કરવાથી તે જરુર તેમાં સહાયક થશે. 'મનુષ્યયત્ન ઈશ્વરકૃપા'નો તેમનો સિદ્ધાંત છે. આપણને ઘણી વાર શિખવાડવામાં આવે છે કે નાના બાળકની માફક ક્રંદન કરો એટલે પરમાત્મા દ્રવી ઊઠશે અને તમને છાતી સાથે લગાવી દેશે. ગીતાની માફક પેલાકામ કરવા ઉપર ભાર મૂકે છે. પરિણામે એક પ્રજા સંપૂર્ણ ઈશ્વરાશ્રિત બની છે તો બીજી પ્રજા ઈશ્વર સાથે કર્માશ્રિત બની છે.

બાકીના સાત સિધ્ધાંતો સામાન્ય નૈતિક જીવનના તથા વડીલોને માન આપવાના છે, જેની ચર્ચા જરુરી લાગતી નથી.

ઇઝરાયલને આંકડાની દ્રષ્ટિએ પહેલાં સમજીએ. કચ્છ જિલ્લા જેટલું માંડ તેની ક્ષેત્રફળ છે. ૨૮,૨૯૦ ચો. કિ. મીટર. હવે તેની વસ્તી ૪૭ લાખ જેટલી થઈ છે. ઇઝરાયલે પાંચ પાંચ યુદ્ધો કરીને ઈજિપ્ત, ઈરાક, સીરિયા તથા જોર્ડનની કેટલીક જમીન પડાવી લીધી છે , જેથી તેના સીમાડા સુરક્ષિત બન્યા છે. કચ્છની માફક ઇઝરાયલમાં પણ માત્ર ૨૧ ટકા જ જમીન ખેતીલાયક છે. બાકીના ૬૫ ટકા રણની ભૂમિ છે. જોકે આજે તો તેણે અપૂર્વ પુરુષાર્થ કરીને ઘણી જમીન નંદનવન બનાવી દીધી છે. ત્યાંકોઈ

સ્થળે માત્ર એક જ ઇંચ વરસાદ થાય છે તો કોઈ સ્થળે ૨૦ ઇંચ જેટલો વરસાદ થાય છે. આ વરસાદ વિનાની મરુભૂમિમાં તેણે જે ભગીરથ પુરુષાર્થ કર્યો છે તેનું એક જ ઉદાહરણ લઈએ. ભારતમાં એકર દીઠ કપાસ ૧૫૩ રતલ, અમેરિકામાં ૫૪૩ રતલ જ્યારે ઇઝરાયલમાં ૧૨૮૨ રતલનું ઉત્પાદન થાય છે. આ પ્રમાણે બીજાં અનાજો તથા ફળો માટે પણ છે. ઇઝરાયલ માટેનાં કેટલાંક ઉચ્ચારણો લેખકનાં જેમનાં તેમ ટાંકીએ.

'સમગ્ર ઇઝરાયલમાં ગમે ત્યાં જાઓ; શહેર કે ગામમાં – સ્વચ્છતા એટલી બધી કે છે, રસ્તામાં કે કોઈના ઘરમાં કાગળનો નાનો સરખો ટુકડો પણ જોવા ન મળે.' 'રખડતું કોઈ ઢોર કે કૂતરું પણ હોતું નથી કે જે રોડને બગાડે કે વાવેલાં ફૂલોને ખાય. આટલું સુંદર આયોજન કદાચ જગતનો કોઈ દેશ કરી શક્યો નહિ હોય. '

**ચાર પ્રકારની જીવનવ્યવસ્થા**

ઇઝરાયલની જીવનવ્યવસ્થા ચાર ભાગમાં વહેંચાયેલી છે.

૧. 'કિબુત્ઝ' પ્રકારનાં ગામડાં જેમાં આખું ગામ એક જ રસોડે જમે છે, સૌને દશ-દશ એકર જમીન મળે, પણ માલિકી સરકારની, ખેતી કરો ત્યાં સુધી તમારી. પણ જો યોગ્ય ઉત્પાદન ન મેળવી શકો તો સરકાર એ જમીન બીજાને આપી દે. આ ગામોમાં રહેનારાંઓનું બધું જ સહિયારું હોય છે. વાહનો, સ્કૂલો, મહેમાનો વગેરે બધું જ સહિયારું. એક પ્રકારથી પૂરો સામ્યવાદ.

૨. 'મોશાવ' બીજો પ્રકાર છે. કિબુત્ઝથી જરાતરા જુદી વ્યવસ્થા. પણ અહીં રહેનારની પોતાની જમીન હોય છે. ખેતીનું ઉત્પાદન પણ વ્યક્તિગત છે. હા, રસોડું વગેરે સૌનું મઝીયારું હોય છે. અર્થવ્યવસ્થા એટલી સારી છે કે 'આપણે ત્યાં કોઈ ખેડૂતને લોન લેવી હોય તો પચીસ જાતનાં ફોર્મ ભરાવશે ને લોન ક્યારે મળશે તેની ખબર હોતી નથી. અહીં (ઇઝરાયલમાં) નાણાં મેળવવાં ખૂબ સરળ છે. એક જ મિનિટમાં પૈસા લેવા માટે કદીય કયાંય જવું પડતું નથી, ત્યાંથી જ તે ક્ષણે મળી જાય છે.'

૩. 'મોશાવ શીડ ફી' જમીનની સામૂહિક માલિકી તથા સામૂહિક ઉત્પાદનનો સિધ્ધાંત આ ગામોમાં છે. અહીં સમૂહરસોડું નથી પણ પ્રત્યેક કુટુંબનું અલગ અલગ રસોડું



છે. બાકી બધું કિબુત્ઝના જેવું જ છે.

૪. 'મોશાવોત' આ ગામોમાં લોકો વૈયક્તિક જીવન જીવે છે.

'દેશની એક એક વ્યક્તિ ઉત્પાદનના કાર્યમાં રોકાયેલ છે. આળસ જેવું ક્યાંય જોવા મળતું નથી. નાહક ગમે ત્યાં રખડવું, ભટકવું કે કારણ વિનાની પ્રવૃત્તિઓ ત્યાં જોવા મળતી નથી. વૈયક્તિક તથા સામૂહિક સમૃદ્ધિ ત્યાં જોવા મળે છે.'

ભારતમાં જેમ આયોધ્યાના મંદિર-મસ્જિદનો પ્રશ્ન છે તેમ ઈઝરાયલમાં પણ 'ડોમ ઑફ ધ રૉક'નો સળગતો પ્રશ્ન છે. પ્રશ્ન આ પ્રકારનો છે.

ઈ. પૂ. ૯૬૦માં શાલોમોન રાજાએ એક મંદિર બંધાવ્યું હતું. મુસ્લિમ શાસકોએ તેને તોડીને ગિરિ મસ્જિદ બાંધી. પ્રાચીન મંદિરની ભવ્યતા તેમાં વપરાયેલા સોના-ચાંદી ઉપરથી આવશે. ૩,૭૫૦ ટન સોનું તથા ૩૭,૫૦૦ ટન રૂપું આ મંદિરમાં વપરાયેલું. હાલના ભારતીય ચલણ પ્રમાણે મંદિરની કુલ રકમ ૨૨ ખરબ અને ૬૨ અબજ રૂપિયા અંકાય. આ મંદિર અનેક વાર તૂટ્યું અને બંધાયું. ઈ.સ. ૬૯૧માં આરબોએ આ મંદિરની જગ્યાએ ગિરિ મસ્જિદ બાંધી. પણ જૂના મંદિરના અવશેષો આજે પણ જોઈ શકાય છે. આજે આ સ્થળ 'ઓમાર મસ્જિદ' તરીકે પણ ઓળખાય છે. યહૂદીઓ આ ઈમારતને ફરી પાછા મંદિર બનાવવા થનગની રહ્યા છે. પણ આજુબાજુનાં આરબ રાષ્ટ્રો તથા બીજાં મુસ્લિમ રાષ્ટ્રો એકીસાથે ઈઝરાયલ ઉપર તૂટી ન પડે તે માટે રાષ્ટ્રસંઘ ચોકીદારો આ સ્થળની ચોકી કરી રહ્યાં છે. નોસ્ટરડેમની આગાહી પ્રમાણે આ ધર્મસ્થાન ભયંકર યુદ્ધનું કારણ બનશે તથા તેમાં 'આ યુદ્ધ એવું ભયાનક હશે કે બધાં જ મુસ્લિમ રાજ્યોનો કદાચ અંત આવશે. '

**આ વરસાદ વિનાની મરુભૂમિમાં તેણે જે ભગીરથ પુરુષાર્થ કર્યો છે તેનું એક જ ઉદાહરણ લઈએ. ભારતમાં એકર દીઠ કપાસ ૧૫૩ રતલ, અમેરિકામાં ૫૪૩ રતલ જ્યારે ઇઝરાયલમાં ૧૨૮૨ રતલનું ઉત્પાદન થાય છે.**

### આશ્ચર્યોથી ભરેલી વિશેષતાઓ

લેખકે આ દેશની કેટલીક નવાઈભરી વિશેષતાઓ બતાવી છે. તેમાંની કેટલીક પ્રમાણે છે :

૧. આ એક એવો દેશ છે, જ્યાં માતા પોતાની ભાષા બાળક પાસેથી શીખે છે.

૨. આ એક એવો દેશ છે કે ચમત્કારોમાં માનતો નથી પણ ચમત્કારો કરી બતાવે છે.

૩. આ એવો દેશ છે કે જેનું અસ્તિત્વ હંમેશાં ખતરામાં રહેલું છે, છતાં પણ પોતે આરામથી ઊંઘે છે અને પડોશી શત્રુદેશોની ઊંઘ હરામ કરી નાખે છે.

૪. આ એક એવો દેશ છે કે દરેક વ્યક્તિ સૈનિક છે અને દરેક સૈનિક માનવ છે.

ઈઝરાયલની નારીશક્તિ વિશે લેખક લખે છે કે : 'નારીને ત્યાં સતી, પણ પતિપરાયણા નહિ પણ સાચા સ્વરૂપમાં સાથી તરીકે માનવામાં આવે છે. પુરુષની જેમ જ સ્ત્રીઓ ત્યાં કામ કરે છે, સ્ત્રી કોમળ, અબળા, નિરાધાર, એકલી, બિચારી ક્યાં જશે ! જેવા મનોભાવોવાળી જોવા નહીં મળે.'

'લશ્કરી તાલીમ અહીં સ્ત્રીઓ માટે ફરજિયાત છે... સ્ત્રીઓ લશ્કરી અમલદારો છે.'

'ઈઝરાયલની જાસૂસી જાળમાં સ્ત્રીઓ જ મોખરે છે.'

'ઈઝરાયલની સરહદ છોડીને અમે ઇજિપ્તમાં પ્રવેશ કરતા હતા ત્યારે બધી જ સરહદી ચોકીઓ ઈઝરાયલી સ્ત્રીઓ જ સાચવતી હતી... ઈજિપ્તમાં જવા માટે અમારા વિસાની વિધિમાં પડયા હતા ત્યારે કાંઈ ધમાલ જેવું થયું. બધા આમતેમ દોડધામ કરવા લાગ્યા, ને અમને આવીને કડક સૂચના સાથે એક રૂમમાં ધકેલી દીધા. અમે ગભરાયા કે કંઈક ધમાલ છે, તોફાન છે. પાંચ મિનિટ પછી એક ભાઈએ આવીને અમને કહ્યું કે, જાઓ બધું પતી ગયું, મેં જાણવા પ્રયત્ન કર્યો કે શું થયું હતું ? તપાસ કરતાં જાણવા મળ્યું કે કોઈ આરબ ઈઝરાયલની સરહદ તરફ દોટ મૂકીને જઈ રહ્યો હતો. ઘૂસવાનો પ્રયત્ન કરતો હતો. બસ, આ જ કારણસર ત્યાં ચાર-પાંચ સેકન્ડમાં જ કોણ જાણે ક્યાંથી એકસાથે સો જેટલા ઈઝરાયલી સૌનિકો આવી પહોંચ્યા હતા. ને તેમાં પચાસ જેટલી સ્ત્રીઓ હતી. તેઓએ પેલા આરબને પકડી ઉઠાવીને તેની ડોક એવી મરડી નાખી કે ત્યાં ને ત્યાં ખતમ થઈ ગયો... તેઓ કહે છે કે અમે કદી માંકણને ભેગા કરતા નથી.



**એચ. એસ. પટેલ**
આઇ.એ.એસ.(નિ.)
સી.ઈ.ઓ., સરદારધામ

# લોકોપયોગી માર્ગદર્શન

## વન સંરક્ષણ અધિનિયમો હેઠળ જુદા જુદા હેતુ માટે આરક્ષણ કરેલ જમીનોની મહેસૂલી રેકર્ડમાં નોંધો કરવા તેમજ દુરસ્તી કરવા અંગે

બ્રિટિશ શાસન વ્યવસ્થામાં જે કાયદાઓ / રેગ્યુલેશન ઘડાયા તેમાં સામ્રાજ્યવાદ (Imperialism) અને સંસ્થાનવાદનો (Colonialism) હેતુ મુખ્યત્વે રહેલો હતો. અંગ્રેજ શાસન વ્યવસ્થાના વિસ્તાર ઉપરાંત દેશી રજવાડાઓના વિસ્તારમાં પણ જંગલને લગતા કાયદા હતા. દા.ત. મૈસુર રાજ્ય. પરંતુ અંગ્રેજો દ્વારા આવા વિસ્તારોમાં નિયમનકારી કાયદા હતા તે એકમાત્ર જંગલ વિસ્તારની ખનીજ અથવા તો ટીમ્બર લાકડા વિદેશમાં લઈ જવા માટેનો હતો અને આવા Rich Minerals વિસ્તારો અને Dense Forest માંથી ઈમારતી લાકડું લઈ જવાનો હતો. ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો ડાંગમાં વઘઈ સુધી રેલ્વે નાખવાનો ઈરાદો ફક્ત લાકડાનું પરિવહન કરવાનો હતો. આમ શરૂઆતમાં જંગલને એક સંપત્તિ તરીકે જોવામાં આવતી. તેમાં પર્યાવરણની જાળવણીની બાબત જે તે સમયે ન હતી. પરંતુ અંગ્રેજોના સમયમાં ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ ઘડવામાં આવેલ અને તે અનુસાર વન અધિનિયમની કલમ-૨૦ હેઠળ





અનામત જંગલ (Reserved Forest) જાહેર કરવાની જોગવાઈ છે. તેજ રીતે કલમ-૨૯ હેઠળ રક્ષિત જંગલ (Protected Forest) જાહેર કરવાની જોગવાઈ છે. આ ઉપરાંત Wild Life Protection Act ૧૯૭૨ — વન્ય જીવ સંરક્ષણ અધિનિયમની કલમ-૩૫ મુજબ રાષ્ટ્રીય ઉદ્યાન - National Sanctuary તેમજ કલમ-૩૬ એ હેઠળ રક્ષિત અનામત (Conservation) જાહેર કરવાની જોગવાઈ છે અને આ કાયદાની જોગવાઈઓ હેઠળ ગુજરાતમાં ગીર અભ્યારણ્ય, વેળાવદર કાળીયાર હરણ, ઘુડખર વિગેરે અને આ રીતે જાહેર કરેલ અનામત / રક્ષિત જંગલ કે અભ્યારણ્યમાં આ હેતુ સિવાય બિન જંગલ પ્રવૃત્તિ કરવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. ૧૯૮૦ બાદ પર્યાવરણલક્ષી કાયદા ઘડવામાં આવ્યા.

ઉપર્યુક્ત અનામત / રક્ષિત જંગલ કે અભ્યારણ્ય જાહેર કરતાં પહેલાં, કાયદાની જોગવાઈ પ્રમાણે પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવે છે અને આ અંગે Settlement Officer ની નિમણૂક કરવામાં આવે છે, કારણ કે મૂળ જંગલમાં રહેલા આદિવાસી કે અન્ય જાતિના લોકોના હક્ક અવર-જવરના રસ્તા અંગે નિર્ણય કરવામાં આવે છે અને આવા લોકોના હક્ક અનામત કે રક્ષિત જંગલમાં આપવા અંગે કે તેઓના પુનઃવસવાટ માટે સેટલમેન્ટ ઑફિસર દ્વારા નિર્ણય કરવામાં આવે છે અને ત્યારબાદ અનામત / સંરક્ષિત જંગલ તરીકે જાહેર કરવાનું આખરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે અને તેમાં આવા જંગલના વિસ્તાર, હદ સમાવિષ્ઠ સર્વે નંબરનો ઉલ્લેખ કરવામાં આવે છે.

ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત / રક્ષિત જંગલ કે અભ્યારણ્ય જાહેર થયા બાદ આ વિસ્તારના Enforcement ના અધિકારો વન વિભાગના અધિકારીઓને પ્રાપ્ત થાય છે. પરંતુ આ કાયદો અમલમાં આવ્યો તે પહેલાં જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ અમલમાં છે અને હક્કપત્રકના નિયમો પણ ૧૯૦૩થી લાગુ પાડવામાં આવ્યા છે. અગાઉ મહેસૂલી સર્વે થયેલ અને તે આધારે જે ગામનો નમૂનો નં. ૧ એટલે કે કાયમી ખરડો લખાયો તેમાં રેવન્યુ સર્વે નંબરોની જમીન ક્ષેત્રફળ સહિત દર્શાવવામાં આવતી તે ઉપરાંત કાયમી ખરડાના ભાગ-૨ તરીકે જંગલની જમીન દર્શાવવામાં આવતી. હવે જ્યારે અનામત / રક્ષિત કે અભ્યારણ્ય જાહેર કરવામાં આવે ત્યારે તે અંગેનું આખરી જાહેરનામું જે બહાર પાડવામાં આવે તેની ગામ દફતરે હક્કપત્રકમાં નોંધ ન પાડવામાં આવે તો વન વિભાગના હક્ક અને સંબધિત ગામની આજુબાજુની મહેસૂલી સર્વે નંબરોની હદ તેમજ ક્ષેત્રફળ અંગે વિવાદો ઉપસ્થિત થતા એટલે મહેસૂલ વિભાગના તા.૨૭-૩-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક- હકપ-૧૦૨૦૦૮-૯૧૪-જ અન્વયે અનામત / રક્ષિત વન કે અભ્યારણ્યની નોંધો પાડવાની સૂચનાઓ આપી છે. આની પાછળનો હેતુ એ છે કે, હક્કપત્રકમાં નોંધ ન પડવા અથવા દુરસ્તીના અભાવે (કે.જે.પી.-કમી જાસ્તીપત્રક) ઘણી જગ્યાએ જંગલ વિસ્તારની જમીનો અન્ય હેતુ માટે

ગ્રાન્ટ કરવાના કે લીઝ ઉપર આપવાના બનાવો બન્યા છે. દા.ત. અમો રાજકોટ કલેક્ટર હતા ત્યારે મોરબી માળીયા-મીયાણા તાલુકાની દરિયા કિનારાની જમીનો મીઠા ઉદ્યોગને જે ભાડાપટ્ટે જમીનો આપેલ તેમાં વન વિભાગે શેરના જંગલો માટે રક્ષિત કરવાના હુકમો કરવામાં આવેલ છે. તેમ જણાવેલ, પરંતુ તે અંગેની ગામ દફતરે હક્કપત્રકમાં નોંધો ન પડવાને કારણે ચોક્કસ હદ કે ક્ષેત્રફળ નક્કી કરવાના પ્રશ્નો ઉપસ્થિત થયેલ એટલે તે અંગે ડીઆઈએલઆરને (ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેક્ટર ઑફ લેન્ડ રેકર્ડ) જાહેરનામા મુજબ માપણી કરી, ચોક્કસ હદ અને ક્ષેત્રફળ નક્કી કરવાના હુકમો કરવામાં આવેલ અને એવું પણ ધ્યાન ઉપર આવેલ કે રક્ષિત વન સિવાયના વિસ્તારને પણ વન વિભાગ દ્વારા રક્ષિત વન હોવાના દાવા કરતાં.

મહેસૂલ વિભાગના તા.૨૭-૩-૨૦૦૮ની પરિપત્રની જોગવાઈઓ મુજબ સંબધિત જિલ્લાના નાયબ વન સંરક્ષકશ્રીએ જો અનામત / રક્ષિત જંગલની જમીનો વન અધિનિયમ હેઠલ જંગલ તરીકે જાહેર કરવામાં આવેલ હોય તો સબંધિત કાયદા હેઠળના જાહેરનામા સાથે સંબૉધિત તાલુકાના મામલતદારને નોંધો પાડવા માટે મોકલવાનું છે અને રેકર્ડ દુરસ્તી અંગે સંબધિત જિલ્લાના ડીઆઈએલઆરને આ જમીનોની સંયુક્ત માપણી (Joint Measurement) કરી, ગામના નકશામાં જાહેર કરાયેલ વિસ્તારને અલગ નિશાનીથી રેકર્ડમાં દર્શાવી હદ બતાવવી અને તે મુજબ દુરસ્તી કરવી કે જેથી ગામના કાયમી ખરડાના પત્રક-૨માં તારીજ દર્શાવવાની છે અને આ ગામનો નકશો, દુરસ્તીપત્રક સાથે સબંધિત તાલુકાના મામલતદારને મોકલવાનો છે. આ પ્રકારની પ્રક્રિયા અનુસરવાની હોવા છતાં જંગલની જમીનોમાં મોટા પાયે સ્થાપિત હિતો દ્વારા દબાણો થયા છે અને જેમાં ઉદ્યોગો અને રિસોર્ટ અથવા તો મીઠા ઉદ્યોગોના દબાણો છે. આવા દબાણો અંગે ભારત સરકારના વન અને પર્યાવરણના રિપોર્ટ પ્રમાણે ૨૯૩ હેક્ટર જેટલા વિસ્તારમાં દબાણો છે. કદાચ આનાથી પણ વધારે હોઈ શકે. નિયમોનુસાર ભૌગોલિક વિસ્તારના ૩૩% જેટલું જંગલ હોવું જોઈએ. પરંતુ ગુજરાતમાં ૧૧.૧૪% જંગલ વિસ્તાર છે. (સામાજિક વનીકરણ સિવાય) આ સાથે એ પણ છે કે વિકાસની પ્રક્રિયામાં જંગલની જમીનો Defores પણ કરવાની થતી હોય છે તે માટે Compensatory afforestation કરવામાં આવે છે. સાથો સાથ જંગલ વિસ્તારમાં રહેતા અને જીવન ગુજારતા આદિવાસી ખેડૂતો માટે જંગલ અધિકાર હેઠળ ખેતી વિષયક માટે અધિકાર આપવાના છે. તેમાં સાચા અને Genuine કુટુંબોને આ અધિકાર મળે તે જરૂરી છે.

"અનામત / રક્ષિત જંગલ / અભ્યારણ્યમાં પરંપરાગત વસવાટ કરતા લોકોના હક્કોનું રક્ષણ જરૂરી"



- ટીમ સરદારધામ

# ઉદ્યોગ સાહસિકતા તાલીમ કેન્દ્ર શુભારંભ

વિશ્વ પસે આજે ક્યાં જવું તેની દિશા નથી. વિશ્વ પાસે બધું હોવા છતાં આયોજન અને દીર્ઘ દ્રષ્ટિ અને સાચી દિશાના અભાવે અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે.

વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ ભારત છે. ભારત પાસે કુદરતી સાધન સંપત્તિનો અખૂટ ભંડાર છે અને કુલ વસ્તીના ૬૫ ટકા કરતા વધુ યૌવન ધન છે. પરંતુ વિકાસની દ્રષ્ટિએ અવઢવ છે. ત્યારે સરદારધામ અમદાવાદ અને ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (ગુજરાત સરકાર દ્વારા સંચાલિત) ના સંયુક્ત ઉપક્રમે સરદારધામના પ્રમુખ માનનીય શ્રી ગગજીભાઈ સુતરિયાની પ્રેરણા અને માર્ગદર્શનથી તા. ૨૧-૯-૨૧ ના રોજ સરદારધામ, સરદાર પટેલ રીંગ રોડ અમદાવાદ ખાતે ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો.

આ પ્રસંગે સરદારધામ સિવિલ સર્વિસ સેન્ટરના ડાયરેક્ટર શ્રી સી.એલ.મીના (રીટાયર્ડ IAS) અધ્યક્ષ પદે ઉપસ્થિત રહ્યા. તેઓ શ્રીએ આ પ્રસંગે પોતાના વક્તવ્યમાં





પરિશ્રમ,દ્રઢ મનોબળ અને ઈચ્છાશક્તિ જેવા ચાલકબળથી કારકિર્દી ઉજ્જવળ બની શકે. સરકારી સેવા અને ઉદ્યોગની વાત કરતાં કહ્યું કે સરકારી સેવાથી એક કુટુંબનો નિર્વાહ થઈ શકે. પરંતુ જો તમે ઉદ્યોગપતિ બનો તો અનેક કુટુંબોનું નિર્વાહ થઈ શકે.

આ શુભારંભ પ્રસંગે સરદારધામ GPBO યુથના કન્વીનર ભાવિન પટેલ ઉદ્યોગ ક્ષેત્રે આગળ વધવા માટેની પ્રેરણાદાયી પ્રયત્ન કરી GPBO ના માધ્યમથી જે યુવા બિઝનેસમેન પ્રગતિ કરી રહ્યા છે જણાવ્યું.

વિશેષ આ પ્રસંગે ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાનની ટીમના શ્રી અલ્પેશ ગજ્જર, શ્રી સંદિપ પટેલ અને શ્રી અજય પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા અને તેઓ દ્વારા ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ કાર્યક્રમના વિવિધ પ્રકાર, તાલીમ પદ્ધતિ, તાલીમના પ્રકાર, તાલીમના વિષયો તાલીમાર્થીઓએ પાળવાના નિયમો અને અન્ય મહત્ત્વની બાબતોને લઈ તે તમામ તાલીમાર્થીઓને માહિતગાર કર્યા.

ઉદ્યોગ સાહસિકતા તાલીમ કેન્દ્રના પ્રારંભે કુલ ૬૦ વિદ્યાર્થી ભાઈ-બહેનો તાલીમ માટે જોડાયા છે. એટલે કે બે બેચથી શરૂ કરેલ છે. ભવિષ્યમાં આ પ્રવૃત્તિ વધુ વેગવંતી અને ફળદાયી બને અને યુવાનોના સર્વાંગી વિકાસ થકી સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનું સરદારધામનું લક્ષ સાકાર થાય તેવી ઉપસ્થિત સૌએ શુભેચ્છા પાઠવી હતી.

અંતમાં સરદારધામના ઓ.એસ.ડી.કૃષ્ણકાંત પટેલે સૌનો આભાર વ્યકત કર્યો. સૌના સંયુક્ત પ્રયાસ થકી સુંદર, સફળ કાર્યક્રમ સંપન્ન થયો.



વૃંદા મનજીત
જાણીતા લેખિકા

# કોને કહું!!??

મનિષા કોઈરાલા, દિપીકા પદુકોણ, અનુષ્કા શર્મા, વરુણ ધવન, કરણ જોહર, શાહરુખ ખાન, ઈલિયાના ડિક્રુઝ, મિશેલ ઓબામા, પેટ ડેવિડસન (કોમેડિયન), રણવીર હુડા અને યોયો હનિસિંહ...

સેલિબ્રિટીઓના નામોથી તો આખો ફકરો ભરાઈ ગયો અને હજુ તો લાંબી લાઈન છે. જો તે લખવા બેસું તો આખો લેખ એનાથી ભરાઈ જાય. આ શા માટે લખ્યું છે જાણો છો? અરે, ના, હું કોઈ એન્ટરટેનમેન્ટની ઈવેન્ટ નથી કરવાની. પણ તમને તેઓ સૌના વિશે ખાસ વાત જણાવવાની છું જેને જાણીને નવાઈ તો લાગશે સાથે કંઈક શીખવાનું પણ મળશે, મન મજબૂત કરવાનું, સ્વસ્થ રહેવાનું અને શેરિંગ શેરિંગ કરવાનું મહત્ત્વ સમજાશે.

તમને જાણીને નવાઈ લાગશે કે આ સર્વે મહાનુભાવો/મહાનુભાવિનીઓ એક સમયે ડિપ્રેશનના શિકાર બન્યા હતા. વિશ્વાસ નથી આવતો ને? થોડું થોડું દરેક વિશે લખીને જણાવું, પરંતુ અત્યારે તે શા માટે લખવાની જરૂર છે ? તેનું કારણ એ છે કે ૧૦મી ઑક્ટોબર વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

મનિષા કોઈરાલા જ્યારે ડિપ્રેશનમાં ડૂબેલી હતી અને અત્યંત દુઃખી હતી ત્યારે તેણે કહ્યું હતું કે હા, તે ડિપ્રેશનમાં છે. તેને તેના ભૂતપૂર્વ પતિ સમ્રાટ દહલાલને કારણે ડિ પ્રેશન થયું હતું. વધુ એક વાત એ પણ અગત્યની છે કે તેઓએ કેન્સર સામે પણ મોટી લડત આપી છે. મનિષાનું કહેવું છે કે નવા મિત્રો, નવું વાતાવરણ અને સકારાત્મક વિચારો દ્વારા જ ડિપ્રેશનમાંથી બહાર આવી શકાય છે. મનની વાત કોઈ

સાથે શેર કરીને દુઃખના પહાડ ઓગાળી શકાય છે.

યોયો હનિસિંહને બાયપોલર ડિસોર્ડર થયો હતો. તેમને પૂછ્યું કે તમારા ફેન ઘણા સમયથી તમારા ‘પેપી’ સોંગ્સ મિસ કરે છે. ત્યારે તેઓએ કહ્યું કે મને બાયપોલર ડિસોર્ડર થયો હતો. હું રૂમમાંથી નીકળતો જ નહોતો. એક સમય હતો જ્યારે હું ૨૦૦૦૦ લોકો સામે પરફોર્મ કરતો હતો પરંતુ આ વખતે મારી સ્થિતિ એવી હતી કે હું ચાર-પાંચ લોકો સામે જતાં પણ ડરતો હતો. મારી દાઢી અને માથાના વાળ લાંબા થઈ ગયા હતા. મને દવાઓ પણ અસર કરતી નહોતી. મને ડર હતો કે હું કાયમ માટે આવા અંધકારમાં જ રહીશ. પરંતુ રોગની સાચી ખબર પડવાથી મને દવાની અસર થઈ સાથે મેં આ વાતને મારા સુધી રાખવાને બદલે મારા પરિવારજનો સાથે શેર કરવાનું યોગ્ય માન્યું અને હું સાજો થયો.

શાહરુખખાનને ૨૦૧૦માં તેમના શોલ્ડર જોઈન્ટનું ઓપરેશન થયું તે દરમિયાન ડિપ્રેશન થયું હતું. દીપિકા પદુકોણને સ્ટ્રેસ થયો હતો તેમ મેં આ વિશે પૂછતાં જણાવ્યું કે હું મિત્રો અને કામકાજી સાથીઓથી દૂર રહેવા લાગી હતી. હું વારંવાર રડતી હતી. હું કોઈપણ કામ માટે એકાગ્ર નહોતી થઈ શકતી. મને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. ઘણીવાર તો મને થતું કે હું આપઘાત કરી લઉં. પરંતુ યોગ્ય સમયે યોગ્ય સારવાર મળતાં હું સાજી થઈ ગઈ. મને થયું કે મારા જેવી તો અનેક મહિલાઓ હશે જેમને આવી તકલીફ હશે પરંતુ તેઓ કોઈને કહી શકતાં નહીં હોય. તેથી મેં ડિપ્રેશનથી પીડાતા દર્દીઓ માટે એક સેન્ટર ખોલ્યું છે. તેમાં આવીને અનેક મહિલાઓએ પોતાની વાત શેર કરી અને હલ્કા-ફૂલ્કા થયા.

આ તો સેલિબ્રિટીની વાત થઈ પરંતુ મારા ઘરમાં કામ કરવા આવતી સંજુને હું ક્યારેક પૂછતી કે તું કેમ છે તો એ ટીપટોપ રહેતી સંજુ આંખના ખૂણામાં મોતી જેવા ચમકતા આંસુના ટીપાં રાખી હોઠો પર મીઠું સ્મિત રાખી કહેતી તબિયત સારી નથી લાગતી. હું પૂછતી કે શું થયું તો કહેતી કે મને આખો દિવસ રડ્યા કરવાનું મન થાય છે. કોઈની સાથે વાત કરવાની ઈચ્છા થતી નથી. ઘરમાં બધાં સાથે બેસીને મજાક-મશ્કરી કરતાં હોય ત્યારે હું



ચૂપચાપ બેસી રહેતી હોઉં છું. ત્યારે મેં તેને ડૉક્ટર પાસે જવાની સલાહ આપી હતી. તે ખરેખર ડિપ્રેશનની શિકાર થઈ હતી.

કદાચ તમને ખબર નહીં હોય ભારતમાં પાંચ કરોડથી વધુ લોકો ડિપ્રેશનના શિકાર થયા છે અને આ આંકડો ડબલ્યુએચઓ તરફથી આપવામાં આવ્યો છે. ઉપરાંત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યૂરો સાયન્સે ૨૦૧૬માં દેશના ૧૨ રાજ્યોમાં એક સર્વેક્ષણ કરાવ્યું હતું ત્યાર પછી જે આંકડાં આવ્યાં હતાં તે ચિંતાજનક હતા. આંકડા અનુસાર વસ્તીનો ૨.૭ ટકા ભાગ ડિપ્રેશન જેવા સામાન્ય માનસિક ડિસોર્ડરથી ગ્રસિત જણાયો હતો. ભારતમાં લગભગ ૧૦ એવાં લોકો જેઓને ડિપ્રેશન થયું હોય તેમાંથી એક કે બે વ્યક્તિ જ ડૉક્ટરી મદદ મેળવી શકતા હોય છે.



દિલ્હીની અખીલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનમાં કાર્યરત એક ડૉક્ટર કહે છે કે ૧૦ વર્ષ પૂર્વ ઓપીડિમાં માત્ર ૧૦૦ દર્દીઓ આવતા પરંતુ હવે રોજના ૩૦૦-૪૦૦ દર્દીઓ આવે છે. ચિંતાનો વિષય એ છે કે ડિપ્રેશનથી પીડાતા લોકોમાંથી દર ચાલીસ સેકન્ડમાં એક વ્યક્તિ આત્મહત્યા કરે છે. વળી નિષ્ણાતો કહે છે કે દેશમાં મનોવિજ્ઞાનિકોની સંખ્યા ૪૦૦૦થી ઓછી છે જ્યારે મનોવૈજ્ઞાનિકોની જરૂરિયાત ધરાવતા એટલે કે માનસિક રોગીઓની સંખ્યા ૨૦૦૦૦ છે.

સામાન્ય રીતે બાળકોને પરીક્ષામાં પાસ-નપાસ થવાની ચિંતામાં ડિપ્રેશન થતું હોય છે. યુવાનોને તેમના પ્રેમમાં નિષ્ફળતા મળવાથી ડિપ્રેશન થાય છે. ખેડૂતોનો પાક બગડી જાય કે વરસાદની અનિયમિતતા જણાય તો તેઓ ડિપ્રેશનમાં આવી જતાં હોય છે. યુવાન-યુવતીઓ જ્યારે નોકરીમાં જાય છે અથવા પોતાનો વ્યવસાય શરૂ કરે છે ત્યારે તેમને ડેડલાઈન સાચવવા, ટારગેટ પૂરો કરવા કે પછી પોતાના જુનિયરના પરફોર્મન્સથી તેને પહેલાં પ્રમોશન ન મળી જાય એવા પ્રકારના પ્રેશરને કારણે સ્ટ્રેસ મહેસૂસ કરે છે. પ્રૌઢ લોકોને તેમના સ્વાસ્થ્યને લીધે સ્ટ્રેસ થાય છે. પરિવારના માહોલમાં ફેરફાર થવાને કારણે પણ સ્ટ્રેસ થાય છે અને સ્ટ્રેસના સતત વધવાથી ઊંઘ-ભૂખમાં બદલાવ આવે છે, શરીરમાં નબળાઈ આવવા લાગે છે જેના કારણે ડિપ્રેશનની શરૂઆત થઈ જાય છે.

આ ઉપરાંત છેલ્લાં બે વર્ષોથી કોવિડ-૧૯ને કારણે અનેક લોકોની નોકરી છૂટી ગઈ, વ્યવસાય પર તેની ગંભીર અસરો થઈ, અનેક હોટલો બંધ થઈ ગઈ, સ્કૂલ-કૉલેજો બંધ થવાને કારણે વિદ્યાર્થી, શિક્ષકો અને માતાપિતાની માનસિક સ્થિતિ ડામાડોળ થઈ ઉપરાંત શ્રમિકોની સ્થિતિ તો ઘણા સમય સુધી લોકોએ જોઈ-સાંભળી-વાંચી છે. ખેડૂતો અને વેપારીઓ, ગ્રામીણોની સ્થિતિ પણ કફોડી થઈ ગઈ હતી. જોકે, ગ્રામીણો બહુ જલ્દી સમજી ગયાં હતાં કે બહારની વ્યક્તિના આવવાથી કે ગામડેથી બહાર જવાથી કોરોના ફેલાશે તેથી બેરિકેટિંગ કરીને તેઓએ પોતાના ગામને સુરક્ષિત કરી દીધું હતું.

## લોકડાઉનની અસરો

એ વાતની ખૂબ ચર્ચા થઈ કે લૉકડાઉન થવાથી વાતાવરણમાં રહેલાં પ્રદૂષણના વાદળો દૂર થઈ ગયા પરંતુ લોકોના મનમાં છવાયેલા ચિંતાના વાદળો કોઈ જોઈ ન શક્યું. નદી, નાળાં, જળાશયોનું જળ શુદ્ધ થઈ ગયું પરંતુ ભૂખ, છત, બીમારીથી પીડિત લોકોના આંસુનું જળ કોઈ જોઈ ન શક્યું. એવું નહોતું અથવા હજુ પણ નથી કે કોઈ કામ કરવા ન માગતું હોય પરંતુ કામ કરવા માટેના સ્થાન પર જ તાળાં લાગ્યાં હોય તો એવા

સંજોગોમાં લોકો અનેક પ્રકારની માનસિક લાગણીઓ સમેટીને ચૂપ થઈને ઘેર બેસી રહ્યા હતા. તેમની આંખોમાં ચિંતા, ભય, 'હવે આગળ શું, અને ક્યારે?'ના ભાવ તેમજ એક પ્રકારનું ખાલીપણું વર્તાતું હતું. આનાં પરિણામે ડિપ્રેશન, એન્કઝાઈટી, દુઃખ અને અસમંજસનું પ્રમાણ વધતું ચાલ્યું. પોતાની ચિંતા અન્યને કહેવાથી સામી વ્યક્તિની ચિંતા વધારવા જેવું હોવાથી સૌ મોં પર તાળું લગાવીને બેસી રહ્યાં હતાં. આવા સમયે જો કોઈ વાત કરનાર, દુઃખ દર્દ શેર કરનાર મળી ગયું હોત અથવા પોતે આગળ વધીને શેર કર્યું હોત તો કદાચ તેમાં ઘટાડો થઈ શક્યો હોત.

## માનસિક સ્વાસ્થ્ય

માનસિક સ્વાસ્થ્ય એ સ્થિતિને કહે છે જ્યાં આપ પોતાની અને આસપાસના વાતાવરણ સાથે તાલમેલ બેસાડી શકો. કઠિન પરિસ્થિતિઓનો સામનો કરવા સક્ષમ હો અને છતાંય આપની પ્રોડક્ટિવિટી અકબંધ રહે.

## માનસિક સ્વાસ્થ્ય કેમ જરૂરી

માનસિક સ્વાસ્થ્ય આપણા મસ્તિષ્ક સાથે જોડાયેલું છે. આપણે સૌ જાણીએ છીએ કે આપણું મસ્તિષ્ક આપણા શરીરની પ્રત્યેક ક્રિયાઓને નિયંત્રિત કરે છે. તેને આપણે એન્જિન સમજી લઈએ. તો વિચારો કે જો એન્જિનમાં ખરાબી થાય તો આખી ગાડી માં જ ગડબડિ થઈ જાય ને! કદાચ ગાડી ખખડી જાય. માનસિક સ્વાસ્થ્ય એટલે માનસિક બીમારીનું ગેરહાજર હોવું નથી પરંતુ જિંદગીના પ્રત્યેક પાસાં માટે માનસિક રીતે સ્વસ્થ હોવું અત્યંત જરૂરી છે. પછી તે ઘરની જવાબદારી હોય કે કામકાજ, માનસિક સંતુલન હોવું જરૂરી જ છે.

દાખલા તરીકે

સવારે સવારે કોકવાર કોઈ કારણથી તમને ગુસ્સો ચઢ્યો હોય, તો તમારી સામે આવનારી દરેક વ્યક્તિનું સામાન્ય, રોજનું, નજીવું વર્તન જોઈને પણ તમને ગુસ્સો આવ્યા જ કરશે, મૂડ ખરાબ થઈ જશે, રુટિન બગડિ જશે, તેની સીધી અસર તમારા શારીરિક સ્વાસ્થ્ય પર પડશે.

## મનની વાત

કોઈ એવી વાત મનમાં ઘર કરી જાય કે જેના કારણે તમને ચિંતા થયા કરતી હોય. જો આ વાત તમે કોઈ સાથે



શેર ન કરો અને મનમાં અને મનમાં ગૂંચવાયા કરો તો તેની અસર તમારી ઊંઘ પર પડશે. ઊંઘ પૂરી નહીં થાય તો ભોજન કરવાની ઈચ્છા નહીં થાય. આના કારણે નબળાઈ મહેસૂસ થશે. મગજ ખરાબ હશે, મૂડ નહીં હોય, ભૂખ હશે પણ કંઈ ખાઈ નહીં શકતાં હો તો લોકો સાથે હળવામળવાની ઈચ્છા નહીં થાય. ભોજન, પાણી, ઊંઘ, પરિવારજનો અને મિત્રોથી દૂર થતાં જ તમારા શરીરમાં ઊર્જાનો અભાવ જણાશે. તમે અકારણ, અસમય વૃદ્ધત્વ તરફ જવા લાગશો. ક્યારેક નબળાં લોકો આપઘાત કરવાના પણ વિચારો કરતાં હોય છે. આ એક કૂચક્ર છે તેથી જ મનની વાત કહેવા માટે જીવનમાં એક વ્યક્તિ જરૂર રાખો.

### મસ્તિષ્કમાં શું છે?

માનવ મસ્તિષ્ક હંમેશાં વૈજ્ઞાનિકો માટે એક ફેસિનેટિંગ અને ચેલેન્જિંગ વિષય રહ્યો છે. મેડિકલ સાયન્સ આટલું એડવાન્સ થઈ ગયું છે પરંતુ હજુ પણ હ્યુમન બ્રેઈન એટલે કે માનવ મસ્તિષ્કનું રહસ્ય અકબંધ જ રહ્યું છે. એલન ઈન્સ્ટિટ્યૂટ ફોર બ્રેઈન સાયન્સના મુખ્ય વૈજ્ઞાનિક ક્રિસ્ટોફ કોચે કહ્યું હતું કે અમે હજુ એક જીવડાના મગજ વિશે સંપૂર્ણ રીતે સમજી શક્યાં નથી. માનવ મસ્તિષ્કનાં કેટલાંય પડ હજુ પલટવાના બાકી જ છે.



### મગજના કેટલાં રોગ?

બાકી કંઈ ખબર પડી હોય કે નહીં પરંતુ માનસિક વિકારો વિશે થોડું જાણી શકાયું છે. માનસિક વિકારોમાં મુખ્યત્વે એંક્ઝાયટી, પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસોર્ડર, ગાંડપણ, ડિપ્રેશન, ડિસોસિએટિવ ડિસોર્ડર, ઈટિંગ ડિસોર્ડર, ઓબ્સેસિવ કમ્પલ્સિવ ડિસોર્ડર, પેરાનોઈયા, બીહેવિયર ડિસોર્ડર, સ્કિઝોફેનિયા સામેલ છે.

### બગડતા માનસિક સ્વાસ્થ્યના લક્ષણો

બગડતા માનસિક સ્વાસ્થ્યના લક્ષણો ધીરે ધીરે સપાટી પર આવે છે. દરેક માનસિક બીમારીનાં લક્ષણો જુદાં જુદાં હોય છે પરંતુ કેટલીક વાતો કૉમન હોય છે. જેમ કે સતત ગુસ્સો નાક પર રહેવો, ચીડિયો સ્વભાવ, ભૂખ અતિશય લાગવી કે બિલકુલ ન લાગવી, ઊંઘ ન આવવી, સમાજથી દૂર રહેવું, આત્મવિશ્વાસ ઓછો થવો, વર્તનમાં ફેરફાર - એટલે કે ક્યારેક નજીવી વાત પર અતિશય હસવું કે રડવું, વિભિન્ન પ્રકારના અવાજો સંભળાવા, કેટલાકને આપઘાતના વિચારો આવવા વગેરે. ક્યારેક અચાનક આ બધાં લક્ષણો એકદમ ઉભરી આવે છે. ક્યારેક સંતાનના ધાર્યા કરતા ઓછા માર્ક્સ આવતાં તે ડિપ્રેશનમાં આવી જાય છે અથવા કોઈ પોતાના સ્વજનને ખોઈ દે છે ત્યારે તે માનસિક સમતોલપણું ગુમાવે છે.

### માનસિક સ્વાસ્થ્ય બગડવાના કારણો

આપણું મસ્તિષ્ક જેટલું કૉમ્પ્લેક્સ છે તેટલાં જ તેના જુદી જુદી બીમારીઓના જુદાં જુદાં કારણો છે. નિષ્ણાતો કહે છે કે માનસિક બીમારીનું કોઈ એક કારણ નથી હોતું તેમાં અનેક પાસાં સંકળાયેલાં હોય છે, જેવાં કે:- માથામાં ઈજા થવી, મસ્તિષ્કમાં રહેલા રસાયણનું અસમતોલપણું, વાતાવરણીય બદલાવ, જન્મજાત મસ્તિષ્કની વિકૃતિ, વારસાગત, અચાનક આઘાત લાગવો, વધુ પડતો નશો કરવો, શારીરિક કે માનસિક પ્રતાડના, કોઈ પ્રકારનું ઈન્ફેક્શન વગેરે.

માનસિક સ્વાસ્થ્યને બહેતર કેમ કરાય?

### જાગૃકતા

પરિવારના મુખિયા તરીકે દરેક પુરુષે અથવા ગૃહિણીએ પરિવારના દરેક સભ્યોના વર્તન, પ્રતિક્રિયા, ફેરફાર વગેરે પર સતત ધ્યાન રહેવું જોઈએ. ચાર-પાંચ

સભ્યોમાંથી એકાદનું વર્તન જુદું દેખાય કે કોઈ પ્રકારની પ્રતિક્રિયા વિચિત્ર હોય કે અપેક્ષાકૃત ન હોય તો તેને સારી રીતે ઓબ્ઝર્વ કરવું અને જો ખાતરી થાય કે તમે જે વિચારો છો તે સત્ય છે તો તરત જ ડૉક્ટરની સલાહ લેવી અને વ્યક્તિની સારવાર શરૂ કરાવી દેવી. માનસિક બીમારી એટલે મગજની બીમારી. આપણું મગજ પણ આપણા શરીરના અન્ય અંગો જેવું એક અંગ જ છે તેથી તેમાં થોડી ખરાબી આવે તો તરત જ સારવાર કરવી કે કરાવવી તે માટે કોઈ પ્રકારનો સંકોચ કે શરમ ન રાખવી.

## જાણકારી રાખવી

આજકાલ વિવિધ પ્રકારના સેમિનાર, વેબિનાર, વર્કશૉપ્સ વગેરે થયા કરતાં હોય છે. માનસિક સ્વાસ્થ્ય વિશે પણ અનેક ડોક્ટરો આ પ્રકારના કાર્યક્રમો કરતાં હોય છે. હવે તો યુટ્યુબ પર પણ અનેક વીડિયો જોવા મળે છે. આ કાર્યક્રમોમાં ભાગ લઈ આ વિશે જાણકારી લેવી અત્યંત જરૂરી છે. એવું નથી કે તમને કે તમારા પરિવારજન કે પરિચિતને કોઈ માનસિક બીમારી થાય તો જ આવા કાર્યક્રમોમાં જવું. જો થોડી જાણકારી હોય તો તે સમાજ માટે ઉપયોગી થઈ જ શકે છે.

## વારસાગત

જે પરિવારમાં પૂર્વમાં કોઈ માનસિક બીમારીથી ગ્રસ્ત હોય એવો ઈતિહાસ જાણતાં હો તો એવામાં પરિવારના દરેક સભ્યોએ સંકોચ વગર પોતાના સ્વાસ્થ્યનું અવારનવાર ચેકઅપ કરાવતાં રહેવું જોઈએ.

## શું કરવું?

કોઈપણ પ્રકારનો નશો ન કરવો. સામાજિક રીતે લોકોને મળતાં રહેવું, મિત્રો-પરિવારજનો સાથે ક્વોલિટી સમય વીતાવવો. બને ત્યાં સુધી જોક્સ કહેવી, કોઈની કોઈ ટેલેન્ટ હોય તેને તે વસ્તુ કરવા દેવી. દા.ત. પરિવારમાં આજ સુધી કોઈને નૃત્યનો શોખ નહોતો અને અચાનક કોઈ છોકરો કે છોકરી તે તરફ આકર્ષાય તો તેની આ ઈચ્છાને, ટેલેન્ટને પ્રોત્સાહન આપવું, નહિ તો શક્ય છે કે તે વ્યક્તિ આગળ જઈને માનસિક રીતે બીમાર થઈ શકે છે. ભરપૂર ઊંઘ લેવી અત્યંત જરૂરી છે. નિયમિત રીતે કસરત અને ધ્યાન કરવું આવશ્યક છે.

માનસિક સ્વાસ્થ્ય માટે આહાર

કહેવત છે કે અન્ન તેવું મન. એટલે કે આપણે જે કાંઈ ખાઈએ છીએ તેની અસર મન, મગજ અને શરીર પર પડે છે. આજે ચારેય બાજુ કોઈપણ વ્યક્તિને જુઓ તો તેનામાં અશાંત મન અને તણાવ જોવા મળે છે. વળી પોષક તત્વો વગરનું ભોજન અને અપૂરતી ઊંઘ સ્વાસ્થ્ય વધુ બગાડે છે. સમય જ એવો આવ્યો છે કે તમારે ધક્કામુક્કી કરીને કામ પર જવાનું છે, બૉસની વઢ ખાવાની છે, માથા પર લટકતી ડેડલાઈનની તલવારથી બચવાનું છે, ઘેર પહોંચો તો પરિવારજનોના મહેણા-ટોણા સાંભળવાના છે, કોઈને પૈસા જોઈએ તો કોઈને બીજું કંઈક. આટલી બધી આપાધાપીમાં તાજું ભોજન તો છોડો, માત્ર પેટ ભરવા માટે જે મળે તેનાથી ચલાવી લેવાનું હોય અને શરીરનું જ ધ્યાન રાખવાનો સમય ન હોય તો મગજના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવાનું તો શક્ય જ નથી.

હંમેશાં તાજાં અને ઋતુમાં મળતાં ફળ અને શાકભાજી લેવાં, રોજનું ભોજન પણ તાજું જ બનાવીને ખાવું. ક્યારેક ડાર્ક ચોકલેટ તણાવ ઓછો કરવામાં મદદરૂપ થાય છે. દિવસ દરમિયાન બે કે ત્રણ કપ ચા-કૉફી પીવાનો વાંધો નહીં પરંતુ તેનાથી વધી જાય તો તેની અવળી અસર પડી શકે છે. ફણગાવેલું અનાજ માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત સારું માનવામાં આવે છે. સૂકો મેવો અને સુરજમુખી અને કોળાના બીજ, અળસી, ચીયાસીડ વગેરે મગજના નોર્મલ ફંક્શન માટે અત્યંત સારા માનવામાં આવે છે.

નુકસાન કરતો આહાર

વધુ પડતું પ્રોસેસ્ડ ફૂડ, ચિપ્સ, નૂડલ્સ, બર્ગર, પીઝા, રીફાઈન્ડ સુગર, પેસ્ટ્રી, ડબાબંધ જ્યૂસ, એનર્જી ડ્રિંક, તમાકુયુક્ત પદાર્થો શરીરને જ નહીં પરંતુ મગજને પણ નુકસાન કરે છે. જો કોઈ વસ્તુની ટેવ પડી ગઈ હોય અને તે ક્યારેક ન મળે તો શરીર અને મગજમાં અનેક ફેરફારો થાય છે અને એ પદાર્થ મેળવવાની તાલાવેલી એટલી વધી જાય છે કે વ્યક્તિ એબનોર્મલ બિહેવિયર કરવા લાગે છે.

## સારાંશ

માનસિક રોગ ન થાય તે માટેના અનેક પ્રયત્નો ચાલુ રાખવાં જોઈએ. પૌષ્ટિક ભોજન, નિયમિત જીવનશૈલી, થોડો વ્યાયામ, પૂરતી ઊંઘ, ભરપૂર શુદ્ધ પાણી અને આસપાસના લોકો સાથે સારો વ્યવહાર આ બધું માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી છે.

માનસિક સમસ્યા થાય તો ડૉક્ટર પાસે જવામાં કોઈ પ્રકારનો સંકોચ કે ચિંતા ન રાખવી. માનસિક રોગના નિષ્ણાત ડૉક્ટર પાસે માત્ર પાગલ લોકો જ જાય છે એ માન્યતા તદ્દન ખોટી છે. તમને ખબર હોય કે કોઈ માનસિક રોગથી પીડાય છે તો તેને અત્યંત વ્હાલથી અને ધીરજથી બોલાવવા અને તેની સાથે સંવેદનશીલ રહી વર્તન કરવું. પ્રેમ એક એવી લાગણી છે જેના દ્વારા ભલભલા પાગલ લોકો પણ સાજા થઈ જાય છે. તો માનસિક સમસ્યાથી પીડાતા લોકોને થોડો પ્રેમ આપી સાજા કરવામાં સાથ સહયોગ આપવો અત્યંત જરૂરી છે.

## બૉક્સ

ખુશી વહેંચો, સ્વસ્થ રહો

જિંદગી જીવવી અત્યંત સહેલી છે. આ માટે આપણે આપણી સંગતનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. કેટલાંક જ્ઞાનીઓ કહી ગયાં છે, ‘સંગ તેવો રંગ’ એટલે કે જો તમે કોઈ ઉદાસ, દુઃખી અને નકારાત્મક વ્યક્તિની સંગત કરશો તો તમે પણ તેના રંગમાં રંગાઈ જશો. તેથી પોતે ખુશ રહેવું અને આસપાસ ખુશી વહેંચતા રહેવી. આ માટે શું કરવું જોઈએ?

● જે લોકો ખુશ રહે છે તેઓ પોતાની આસપાસ ખુશી ફેલાવતા રહે છે. કહે છે ને, ખુશી વહેંચવાથી વધે છે. તેથી નાની નાની વાતો પર દુઃખી, તણાવગ્રસ્ત ન રહેવું, નકારાત્મક ન વિચારવું જેથી તમે માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ રહી શકો.

● ખુશ રહેવું અઘરું નથી. નાનાં બાળકને કોઈપણ રમકડું આપો તો તે કેટલું ખુશ થઈ જાય છે! તમારે પણ એવું જ કરવું જોઈએ કે રસ્તે ચાલતાં કોઈ મિત્ર ઘણા વખતે મળે તો એકદમ સ્માઈલ કરીને તેની સાથે વાત કરો, તમારી ખુશી જોઈને કદાચ તે મિત્ર પણ તેનું દુઃખ થોડી વાર માટે ભૂલી જશે અને તમારી સાથે રહેવાથી તેને સાંત્વના પણ મળશે.

● તમે ખુશ રહેશો તો તમારામાં એક પ્રકારની સકારાત્મકતા આવશે. આ સકારાત્મકતા તમારી વિચારવાની અને નિર્ણય લેવાની શક્તિમાં વધારો કરશે. આમ થવાથી તમારી સમસ્યાઓ પણ ઘટી જશે.

● ખુશ રહેનાર સકારાત્મક વ્યક્તિ ક્યારેય સમસ્યાઓથી ડરતો નથી. કારણ કે તે જાણતો હોય છે કે સમસ્યા પણ જિંદગીનો એક ભાગ જ છે. અને જ્યાં સમસ્યા છે ત્યાં તેનું સમાધાન પણ છે જ. તેથી સકારાત્મક અને ખુશ રહેનાર વ્યક્તિ સમસ્યાને સમય પર છોડી દે છે, અને તેનું સમાધાન શોધવાના પ્રયત્નોમાં લાગી જાય છે. આમ કરવાથી પરિસ્થિતિનો સામનો કરવાની તેને શક્તિ મળે છે અને સમસ્યા દૂર થવાથી તે પોતાના પર ગર્વ કરે છે તેથી તે ખુશ પણ થાય છે. આમ, તેની આસપાસના લોકો પણ તેની પાસે પોતાની સમસ્યા લઈને આવે તો તે તેનું સમાધાન બતાવી શકવાની ક્ષમતા રાખે છે.

અને છેલ્લે - જીવનમાં કોઈ એક વ્યક્તિ એવી રાખો જે તમારા માતાપિતામાંથી કોઈ હોઈ શકે છે, બહેન ભાઈ કે પછી મિત્ર હોઈ શકે છે, કોઈ શિક્ષક કે સહપાઠી, ઑફિસમાં કોઈ સહકાર્યકર્તા જેની સામે તમે તમારું દિલ ઠાલવી શકો. તમારા મનમાં ઉદ્ભવતા કોઈપણ સકારાત્મક કે નકારાત્મક વિચારો, તમારા સારા કે ખરાબ અનુભવો, તમારું દુઃખ કે તણાવ કંઈપણ હોય કોઈ એક વ્યક્તિ સામે કહી દેશો તો તમારું મન હળવું થશે અને કદાચ આવું થવાથી તમારી સમસ્યાનું સમાધાન પણ મળી જશે. એવું ક્યારેય ન વિચારતા કે મારા મનની વાત હું ‘કોને કહું?’

તેથી સદા ખુશ રહો, સ્વસ્થ રહો.


**સરદારધામ મેગેઝિનના વાચકો જોગ**

સરદારધામ ઈ મેગેઝિનના વાચકોએ
મેગેઝિન અંગેના પોતાના પ્રતિભાવો
magazine.sardardham@gmail.com
ઉપર મોકલવા વિનંતી.



## P2P નેટવર્ક

**GPBO દ્વારા પ્રસ્થાપિત P2P ઓનલાઈન બિઝનેસ નેટવર્ક ગામથી લઈને શહેર અને દેશ-વિદેશના તમામ પાટીદાર ઉદ્યોગકારો માટે નેટવર્કિંગનું શ્રેષ્ઠ માધ્યમ બની રહેશે. જેમાં નાના વ્યાપારીઓથી લઈને મોટા ઉદ્યોગપતિઓ પોતાના વ્યવસાયનું રજિસ્ટ્રેશન કરાવી શકે છે.**

**P2P ઓનલાઈન નેટવર્ક આપના ઉત્પાદનો અને સેવાઓને પ્રમોટ કરવાનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ ઉપરાંત P2P ઓનલાઈન નેટવર્ક દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળો કાચો માલ મેળવી શકશો તેમજ અન્ય જરૂરીયાતો માટેના સપ્લાયર્સ સાથે આપ સીધો સંપર્ક કરી શકશો.**

## જીપીબીઓ વિશે

સરદારધામ દ્વારા પ્રસ્થાપિત મિશન ૨૦૨૬ અંતર્ગત પ્રથમ હરોળના ૧૦,૦૦૦થી વધુ ઉદ્યોગપતિઓને સંગઠિત કરવા માટે ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશનની (GPBO) રચના કરવામાં આવી છે.

જીપીબીઓના નેટવર્કને જિલ્લા, રાજ્ય અને વિવિધ દેશોમાં વિસ્તારવાનું આયોજન કરવામાં આવ્યું છે. જીપીબીઓ દ્વારા ઉદ્યોગ જગત માટે ઉપયોગી એવા

- મોટીવેશનલ પ્રોગ્રામ
- ટ્રેઈનિંગ પ્રોગ્રામ
- સેક્ટર આધારિત B2B મીટિંગ્સ
- નવીન ટેક્નોલોજી અને આધુનિક ધંધાકીય અભિગમ માટેના આયોજનો કરવામાં આવે છે.

## મુખ્ય ઉદ્દેશ

- ☑ એકબીજા સાથે નેટવર્કિંગ દ્વારા વ્યાપાર ઉદ્યોગમાં પરસ્પર ઉપયોગી થવું
- ☑ સમાજમાં નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવામાં ઉપયોગી થવું
- ☑ શિક્ષિત અને સક્ષમ યુવાઓને રોજગારીની તકો પુરી પાડવામાં ઉપયોગી થવું

## કોણ જોડાઈ શકે?

- ☑ નાના-મોટા બિઝનેસમેન
- ☑ પ્રોફેશનલ્સ
- ☑ સર્વિસ પ્રોવાઈડર્સ

## કેવી રીતે ઉપયોગી છે?

- ☑ પ્રોડક્ટ, સર્વિસ વિશેની માહિતી
- ☑ ઈ-મેઈલ અથવા ફોનથી સંપર્ક
- ☑ ધંધાકીય જોડાણ

## કઈ વિગતો અપલોડ કરી શકાય?

- ☑ કંપનીનું નામ તથા લોગો
- ☑ માલિકનું નામ તથા ફોટો
- ☑ સંપર્કની વિગતો
- ☑ કંપનીનું પ્રોડક્ટ લીસ્ટ તથા ફોટો
- ☑ કંપનીની પ્રોડક્ટ વિશે માહિતી
- ☑ કંપનીને જરૂરી રો-મટીરીયલ, સેવાઓ તથા જોબવર્કની વિગતો
- ☑ કંપનીને જરૂરી સ્ટાફની વિગતો



# ૧૦ લાખ
## બિઝનેસમેનનું જોડાણ



સમસ્ત પાટીદારની એકતાનું ધામ
**સરદારધામ**
વિશ્વ પાટીદાર સમાજ
આયોજીત

મિશન ૨૦૨૬ અંતર્ગત
**ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન**
**GPBO**

Register your Business in GPBO Network Application
Contact for More information Phone :-7575007183

www.gpbo.org GPBO

# ગાંધીજી

